

Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year: 6, Issue:279 Dt.06-09-2021 (Monday)
સાંધ્ય દૈનિક
તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

**ગુજરાત હાઉસીંગ બોર્ડની સોસાયટીઓના રસ્તાઓ પર ગેરકાયદેસર બાંધકામોનો રાફડો, મ્યુ.કમિશનર અમિત અરોરાએ તપાસ કરી જવાબદારો સામે પગલા લેવા જોઇએ, ગેરકાયદેસર બાંધકામોથી શહેરનાં વિકાસમાં અવરોધો ઉભા થતો હોવાની ચર્ચા**



રાજકોટ સિવિલમાં ફરી ફ્રીમાં કોક્લિયર ઈમ્પ્લાન્ટ પદ્ધતિથી મુકબધિર બાળકોના ઓપરેશન શરૂ p-2



રાજકોટ મહાજન પાંજરાપોળમાં ગૌ–દત્તક યોજનાઃ લાભ લેવા દાતાઓને અપીલ p-8

# મનપા આવાસોમાં ઘુસી ગયેલા કબ્જેદારો પર લેન્ડ ગ્રેબિંગનો દંડો ઉગામાશે

## શહેરમાં વિવિધ સ્થળે મનપા રચિત આવાસોની મુલાકાત બાદ મ્યુ.કમિશનરનો સ્પષ્ટ આદેશઃ મ્યુ.કમિશનર અરોરાએ અનેક વિસ્તારોમાં ગેરકાયદે લોકો ઘુસી ગયાનું જોતા ચોકીંને કડક ફરમાન બહાર પાડયું



**ગેરકાયદે ઘુસી ગયેલા તત્વોને નોટિસ આપી હાંકી કાઢો, ન નિકળે તો લેન્ડ ગ્રેબિંગ હેઠળ કાયદેસરની કડક કાર્યવાહી કરવા અમિત અરોરાની સૂચનાથી કબજેદાર તત્વોમાં ફફડાટ ફેંલાયો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬

રાજકોટ નગરપાલિકા હસ્તકના વિવિધ વિસ્તારમાં નિર્માણ પામેલા ગરીબ વર્ગ માટેના તૈયાર અને ખાલી પડેલા આવાસોમાં ધુસી ગયેલા અને ગેરકાયદે કબ્જો જમાવીને બેસી ગયેલા આસામીઓને તાત્કાલિક આવા આવાસોમાંથી હાંકી કાઢવા અને ન નિકળે તો લેન્ડગ્રેબીંગ કાયદા મુજબ કડક અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા મ્યુ.કમિશનર અમિત અરોરાએ આજે મહત્વપુર્ણ અને નોંધપાત્ર આદેશ આપ્યો હતો. શહેરના મનપા હસ્તકના વિવિધ આવાસોની મુલાકાત લીધા બાદ મ્યુ.કમિશનર અરોરાએ કડક હાથે કામ લેવાનું તંત્રને આદેશ આપતા ગેરકાયદે મકાનો પચાવી પાડનારા આસામીઓમાં ભારે ફફડાટની લાગણી પ્રસરી વળી છે.

મ્યુ.કમિશનર અરોરાએ વૃંદાવન સોસાયટીની પાછળ, કાલાવડ રોડ પર આવેલા અંબે આવાસ યોજના, રાજનગર સાધુ વાસવાણી રોડ પર આવેલી રાજીવ આવાસ યોજના, મારૂતી સર્વીસ સ્ટેશન પાછળ મોરબી રોડ પર આવેલ ક્રાંતીવિર ચંદ્રશેખર આઝાદ ટાઉન સીપ અને

(અનુ.પાના નં.૪ ઉપર)

# સુરત, વડોદરા, નસવાડીમાં શ્રાવણના છેલ્લા દિવસે ભારે વરસાદ

## નસવાડી, છોટાઉદેપુર વગેરે તાલુકાઓમાં મુશળધાર વરસાદથી જળબંબાકારઃ દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં સવારથી મેઘ મહેરનો પ્રારંભ



**(એજન્સી સમાચાર)**
અમદાવાદ, તા.૬

શ્રાવણ મહિનાના આજે આખરી દિવસે મેઘરાજાએ દક્ષિણ ગુજરાતના સંખ્યાબંધ વિસ્તારો પર કૃપા વરસાવી હતી. સુરત, વડોદરા, નસવાડી, છોટાઉદેપુર, કપડવંજ વગેરે વિસ્તારોમાં મુસળધાર વરસાદ શરૂ થઇ જતા ઠેરઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. વડોદરાની આસપાસ તથા નસવાડી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સવારથી ધોધમાર વરસાદ શરૂ થઇ ગયો હતો. જેનાં કારણે ચારેતરફ પાણી ભરાઇ ગયા હતા. કપડવંજ તાલુકામાં પણ ભારે વરસાદ શરૂ થયાના વાવડ મળી રહયા છે.

સુરતમાં આજે સવારથી શ્રાવણનાં છેલ્લા દિવસે મેઘરાજાએ આગમન કર્યુ હતું અને ધોધમાર વરસાદ શરૂ થયો હતો. અનેક રસ્તાઓ પર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. ઉધના વિસ્તારમાં ભારે પાણી ભરાય જતા વાહન વ્યવહાર

(અનુ.પાના નં.૪ ઉપર)

## ગુજરાતના વિકાસ માટે યોગદાન આપશે એનઆરઆઇ, નવતર પ્રયોગ

# રૂ.૧ હજાર કરોડની ‘વતન પ્રેમ’ યોજના જાહેર કરતી રૂપાણી સરકાર



**આવતા વર્ષે ડિસેમ્બરથી એનઆઈઆર ગુજરાતીઓ વિકાસ માટે નાણા રોકશેઃ એનઆરઆઈનું રોકાણ ૬૦ ટકા અને સરકાર ૪૦ ટકા રોકાણ કરશેઃ મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં યોજનાને લીલી ઝંડી**

**(એજન્સી સમાચાર)**
અમદાવાદ, તા.૬

વિદેશમાં વસતા બિનનીવાસી ગુજરાતનીઓની સહાયથી ગુજરાતમાં લોક કલ્યાણનાં પ્રોજેકટ અમલમાં મુકવા માટે રૂ.૧ હજાર કરોડની વતન પ્રેમ યોજનાને રૂપાણી સરકારે લીલી ઝંડી આપી દીધી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી વતન પ્રેમ યોજના સંચાલન સમિતિની કેબીનેટ બેઠકમાં મુખ્યમંત્રીએ વતન પ્રેમ યોજના માટે આગળ ધપવાની જાહેરાત કરી હતી. આવતા ડિસેમ્બર સુધીમાં રાજયોમાં રૂ.૧ હજાર કરોડના પ્રજા કલ્યાણ કાર્ય અમલમાં મુકવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે.

બેઠક બાદ રાજય સરકારના વર્તુળોએ જણાવ્યું હતું કે, દેશમાં અને વિદેશમાં વસતા ગુજરાતીઓ વિકાસનાં કામો માટે એમની પસંદગીના ગામ, પ્રોજેકટ અને એજન્સી નક્કી કરી શકે છે. એનઆરઆઇ ગુજરાતીનું વિકાસમાં યોગદાન ૬૦ ટકા જેટલુ રહેશે. જયારે બાકીનો ૪૦ ટકા ખર્ચ રાજય સરકાર ભોગવશે. આ રીતે ગુજરાતી નાગરીકો પોતાના વતનના વિકાસ માટે આર્થિક રોકાણ કરી શકશે. દાતાઓ વર્ગખંડોના નિર્માણ, નાના કલાસની રચના,



કમ્યુનિટી હોલ, પ્રાથમીક આરોગ્ય કેન્દ્રો, આંગણવાડી, મધ્યાન ભોજન માટેના ખંડ, સ્ટોર રૂમ, લાયબ્રેરી, જીમ, સીસીટીવી સીસ્ટમ, સ્મશાન ગૃહો, વોટર રીસાયકલ સીસ્ટમ તથા ગટર વ્યવસ્થા, તળાવ, બસ સ્ટેશન, સોલાર સ્ટ્રીટ લાઇટ, ટયુબ વેલ અને

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગુજરાતમાં શિક્ષકોનો શાળા સમય વધારવાનાં વિરોધમાં શિક્ષણ મંત્રીને જોરદાર રજૂઆતો

## ગાંધીનગરમાં શિક્ષિકાઓ દ્વારા શિક્ષણમંત્રીને રૂબરૂ રજૂઆત

**(એજન્સી સમાચાર)**
અમદાવાદ, તા.૬

ગુજરાતમાં શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકનો ફરજનો સમય વધારીને ૮ કલાક કરવાના શિક્ષણ વિભાગના નિર્ણય સામે શિક્ષકોના આલમમાં ભારે વિરોધ જાગી ઉઠયો છે. આજે ગુજરાત રાજય શૈક્ષિક મહાસંઘનાં નેજા હેઠળ એક ખાસ પ્રતિનિધિ મંડળે ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સમક્ષ જોરદાર રજૂઆતો કરી હતી અને શિક્ષકોનો સમય ૮ કલાકનો કરવા સામે વિરોધ વ્યકત કર્યો હતો. તાજેતરમાં રાજય સરકારે શાળાઓનો સમય વધારીને ૮ કલાકનો કરવાનું નિર્ણય જાહેર કર્યો હતો.

આજે શિક્ષિકાઓના ખાસ ડેલીગેસને શિક્ષણ મંત્રી ચુડાસમાની રૂબરૂ મુલાકાત લીધી હતી. શિક્ષિકાઓએ ૮ કલાકનો સમય કરવાના નિર્ણયનો વિરોધ કર્યો હતો અને ફેરવિચારણા કરવા માટે રાજય સરકારને અનુરોધ કર્યો હતો. શિક્ષણ મંત્રીએ યોગ્ય વિચારણા કરવાની હૈયા ધારણા આપી હતી.(૨.૧૧)

# વિશ્વ સ્તરે લોકપ્રિયતામાં વડાપ્રધાન મોદી અવ્વલ નંબરે

## અમેરિકા, જર્મની અને બ્રિટનના વડાઓને પાછળ છોડ્યાઃ ખાસ સર્વેક્ષણમાં મોદીને ૭૦ ટકા લોકોની સંમતિ પ્રાપ્ત



**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૬

વિશ્વ કક્ષાએ સૌથી વધુ લોકપ્રિયતા ધરાવતા નેતાઓની પ્રતિષ્ઠિત હરોળમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સૌથી આગળ રહ્યા છે. વિશ્વ કક્ષાએ સૌથી વધુ ૭૦ ટકા લોકોની પસંદ બનેલા વડાપ્રધાન અવ્વલ નંબરે રહ્યા છે. અમેરિકાના પ્રમુખ જો.બાઈડન, જર્મનીના વડા એન્જેલા મેકેલ, બ્રિટનના વડાપ્રધાન બોરીસ જોન્સન, કેનેડાના વડાપ્રધાન ક્રુડો અને ઓસ્ટ્રેલીયાના વડાપ્રધાન સ્પોટ મોરિસન પણ પાછળ રહી ગયા છે.

એક સ્વૈચ્છિક સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં એવું તારણ નીકળ્યું છે કે, વિશ્વનાં ટોચનાં ૧૩ માં અનુભવોની સરખામણીમાં સૌથી વધુ લોકપ્રિયતા મોદીની રહી છે અને એમનું રેટિંગ ૭૦ ટકા આવ્યું છે. વિશ્વનાં તમામ નેતાઓ લોકપ્રિયતામાં વડાપ્રધાન મોદી કરતા ઘણા પાછળ રહી ગયા છે. હજુ બે સપ્તાહ પછી વડાપ્રધાનનો જન્મદિવસ છે. ત્યારે આવેલા સર્વેક્ષણનાં તારણો દર્શાવે છે કે, મોદીની લોકપ્રિયતા દિવસે-દિવસે વધી રહી છે.

મોદી પછી બીજા ક્રમે મેક્સિકોના પ્રમુખ આંદરે મેન્યુઅલ લોપેઝ રહ્યા છે. એમને ૬૪ ટકા મત મળ્યા છે. ત્યારે ૬૩ ટકા મત મેળવીને ઇટાલીના વડાપ્રધાન માર્યો ડ્રાગી ત્રીજા સ્થાને રહ્યા છે. જર્મનીના મહિલા પ્રમુખને ૫૨ ટકા, બાઈડનને ૪૮ ટકા અને મોરિસનને ૪૮ ટકા મતો મળ્યા છે. જાપાનનાં વડાપ્રધાન છેલ્લા ક્રમે રહ્યા છે.(૨.૧૨)

# તાલીબાનો સાથે યુધ્ધ વિરામની ઓફર કરતું પંજશીર

## પંજશીર ખીણમાં ઘમાસાણ યુધ્ધ ચાલુ, વિજયના સામસામા દાવાઃ તાલીબાનો સામે લડતા લડાકુ ફ્રન્ટના પ્રવક્તાનું મોતઃ પંજશીરના લડાકુ દળોએ તાલીબાનો સાથે યુધ્ધ વિરામની ઓફર કરીઃ પંજશીર ખીણના યુધ્ધમાં લડાકુઓના ચીફ કમાન્ડરનું પણ મોત

**(એજન્સી સમાચાર)**
કાબુલ, તા.૬

અફઘાનીસ્થાનમાં પંજશીર ખીણમાં તાલીબાનો અને પંજશીર લડાયત ફ્રન્ટ વચ્ચે હજુ ઘમાસાણ યુધ્ધ ચાલી રહ્યું છે. ગઈકાલે ખૂનખાર લડાઈમાં નેશનલ રેઝિસ્ટન્સ ફ્રન્ટના પ્રવક્તા ફહીમ ડસ્ટીનું મૃત્યુ નિપજ્યું હતું. વ્યવસાય પત્રકાર એવા ડસ્ટી મોરચા પરથી અવારનવાર યુધ્ધના અહેવાલો વિશે ટવીટ કરતા રહેતા હતા. તેઓ જમાતે ઇસ્લામી પક્ષના સભ્ય અને અફઘાન પત્રકાર ફેડરેશનના સભ્ય પણ હતા.

પંજશીર ખીણમાં ગઈકાલે ૬૦૦ થી વધુ તાલીબાનો માર્યા ગયાનું પ્રતિકાર દળોએ દાવો કર્યો હતો. તો બીજી તરફ તાલીબાન દળોના પ્રવક્તા બિલાલ કરીમીએ જણાવ્યું હતું કે, પંજશીરની રાજધાની જઝારક હવે હાથવેંથમાં છે. આસપાસના વિસ્તારો પર તાલીબાનોએ વર્ચસ્વ સ્થાપી લીધું છે. તાલીબાનોએ મોટી સંખ્યામાં શસ્ત્રો, દારૂગોળો અને વાહનો કબ્જે કર્યા હતા. સેંકડો લડાકુઓને પણ કબ્જે કર્યા છે.

તાલીબાન સાથે લડાઈ વધુ ઉગ્ર બનતા હવે પ્રતિકાર દળોએ યુધ્ધ વિરામની ઓફર કરી છે. લડાકુ દળોના વડા એહમદ મસુદે વાટાઘાટોથી ઉકેલની ઓફરને આવકાર આપ્યો છે. યુધ્ધ



વિરામ કરવાની પણ તૈયારી બતાવી છે. મસુદે ટવીટ કર્યું હતું કે જો તાલીબાનો હુમલા બંધ કરે તો પ્રતિકાર દળ લડાઈનો અંત લાવવા તૈયાર છે.(૨.૧૨)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

# અફઘાનિસ્તાનમાં સુરત કાપડ ઉદ્યોગના ૪ હજાર કરોડ ફસાયા

## દેશના અગ્રણી ઉદ્યોગને કાબુલ કટોકટીને કારણે મોટો ફટકોઃ અફઘાનિ લોકો પાઘડી માટે રેશમ કાપડ અને રેડીમેટ કપડાની ખરીદી કરે છેઃ અત્યારે દેશ કે દેશની બહારના કોઇ ચુકવણા નહીં કરવા સ્થાનિક બેંકોને આદેશ



**(એજન્સી સમાચાર)**
સુરત, તા.૬

અફઘાનિસ્તાનની કટોકટીને કારણે અને સત્તા તંત્ર બદલાયા બાદ સુરત કાપડ ઉદ્યોગ સંકટમાં મુકાય ગયો છે. અફઘાનિસ્તાનમાં અત્યારે બેંકીગ વ્યવહાર બંધ હોવાથી સુરત કાપડ ઉદ્યોગના રૂ.૪ હજાર કરોડથી વધુ ફસાયા છે. અફઘાનિસ્તાનના લોકો સુરતમાંથી પાઘડી માટે રેશમ, કાપડ અને રેડીમેન્ટ કપડાની મોટા પાયે ખરીદી કરે છે. એટલુ જ નહીં ભારતમાંથી મોટા રૂમાલ, પઠાણી ડ્રેસ અને ફકતાનની પણ મોટા પાયે ખરીદી થતી હોય છે. માલ-સામાન પેટે લેણી નીકળતી રૂ.૪ હજાર કરોડથી વધુની રકમ ફસાય ગઇ હોવાનું કાપડ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું.

સુરત ટેક્ષટાઇલ વેપારી ફેડ્રેશનના મહામંત્રી ચાપાલાલ બોથરાએ જણાવ્યું હતું કે, અફઘાનિસ્તાનની સેન્ટ્રલ બેંક દ્વારા ત્યાની તમામ બેંકોને દેશની અંદરના કે બહારના કોઇ ચુકવણા હાલ તુરત નહીં કરવા આદેશ આપ્યો છે. અગાઉ આપણે અહીંથી કાપડ અને તૈયાર વસ્ત્રો દુબઇ થઇને અફઘાનિસ્તાન મોકલતા હતા. એ પછી હવે બાંગ્લાદેશ થઇને માલ ત્યા મોકલાતો હતો કેમ કે, એ માર્ગે માર્ગ મોકલવાનું વધુ સસ્તુ પડે છે. પરંતુ હવે નિકાસ

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગર્વનર હોય કે મુખ્યમંત્રી કે મર્સીડીઝમાં આવનારા, અમારી સરકારે દરેકને રસી આપી છેઃ નીતિન પટેલ



**(એજન્સી સમાચાર)**
ગાંધીનગર, તા.૬

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે રાજયના સમાજના

(અનુ.પાના નં.૪ ઉપર)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

# રાજકોટ સિવિલમાં ફરી ફ્રીમાં કોકિલયર ઈમ્પ્લાન્ટ પદ્ધતિથી મુકબધિર બાળકોના ઓપરેશન શરૂ

## અગાઉ આ ઓપરેશન કોરોનાને કારણે બંધ કરવામાં આવ્યા હતા: ખાનગીમાં ૮થી ૧૦ લાખનો ખર્ચ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ.તા.૬

રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે કોક્લિયર ઈમ્પ્લાન્ટ ઓપરેશન ફરીથી શરૂ કરવામાં આવ્યા છે. જન્મથી બહેરા-મૂંગા બાળકોના ઓપરેશન સિવિલ હોસ્પિટલના પીડિયુ વિભાગમાં ફરી શરૂ કરાયા છે. જોકે, કોવિડને કારણે બંધ કરવામાં આવ્યા હતા અને ફરીથી ઓપરેશન શરૂ કરવામાં આવ્યા છે. ત્યારે ગાંધીનગરના એસોસિએટ પ્રોફેસર ડો.નીરજ સુરી કે જેઓ ગુજરાત રાજ્યના કોક્લિયર ઈમ્પ્લાન્ટ પ્રોગ્રામના નોડલ ઓફિસર તરીકે સેવા આપે છે. તેઓ રાજકોટ આવ્યા હતા અને તેમની હાજરીમાં ફરી એક વખત કોક્લિયર ઈમ્પ્લાન્ટ પદ્ધતિની સારવાર શરૂ કરવામાં આવી છે. સિવિલમાં ફ્રીમાં ઓપરેશન કરવામાં આવે છે, જ્યારે ખાનગી હોસ્પિટલમાં ૮થી ૧૦ લાખનો ખર્ચ થાય છે.

સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે જન્મજાત બહેરા-મૂંગા બાળકોના ઓપરેશન રાજ્ય સરકારના સહયોગથી શરૂ કરવામાં આવ્યા હતા. પરંતુ કોવિડને કારણે ઓપરેશન બંધ કરવાની ફરજ પડી હતી. જે હવે ફરીથી શરૂ કરવામાં આવ્યા છે. જેમાં જન્મજાત બહેરા-મૂંગા બાળકોના કોકિલયર ઈમ્પ્લાન્ટ પદ્ધતિથી ઓપરેશન કરવામાં આવે છે. જેમાં માત્ર થોડી જ સર્જરી કરવી પડે છે અને એકથી બે કલાકમાં ઓપરેશન પૂર્ણ થઈ જાય છે ગાંધીનગરના સર્જન ડો, નીરજ સુરી રાજકોટ આવ્યા હતા. જેમના દ્વારા અત્યાર સુધી કોકિલયર ઈમ્પ્લાન્ટ પદ્ધતિની એક હજાર કરતાં વધારે લોકોની સર્જરી કરવામાં આવી છે. તેમણે મિડીયાને જણાવ્યું હતું કે, કોવિડને કારણે ઓપરેશન બંધ કરવાની ફરજ પડી રહી હતી, હવે રાજકોટના ડોક્ટર સર્જરીને આગળ વધારશે અને જન્મજાત બહેરા-મૂંગા બાળકોના ઓપરેશન કરશે. તેમજ ખાનગી હોસ્પિટલમાં આ ઓપરેશન માટે ૮થી ૧૦ લાખનો ખર્ચ આવે છે. જ્યારે

**સિવિલમાં ૧૧૪ બાળકોના આ પદ્ધતિથી ઓપરેશન કરવામાં આવ્યા**

રાજ્ય સરકારના સહયોગથી આ ઓપરેશનની સારવાર ફ્રીમાં કરી આપવામાં આવે છે. તેમજ રાજ્યમાં દર વર્ષે ૨૫૦૦થી ૩૦૦૦ બાળકો જન્મજાત મૂંગા અને બહેરા જન્મે છે. જેને ડામી શકાતું નથી, પરંતુ તેનું આપણે નિદાન કરી શકીએ છીએ. તેમજ નાના બાળકોને સાંભળવાની તકલીફ સર્જાય તો તાત્કાલિક રિપોર્ટ કરી ઓપરેશન કરાવું જોઈએ તેમ પણ જણાવ્યુ હતું. રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે જન્મજાત બહેરા-મૂંગા બાળકોના ઓપરેશન કોકિલયર ઈમ્પ્લાન્ટ પદ્ધતિથી માર્ચમાં શરૂ કરવામાં આવ્યા હતા. પરંતુ કોવિડને કારણે બંધ કરવામાં આવ્યા હતા. જેમાં અત્યાર સુધી રાજકોટના પીડિયુ મેડિકલ કોલેજના પ્રોફેસર દ્વારા ૧૧૪ બાળકોના કોકિલયર ઈમ્પ્લાન્ટ પદ્ધતિથી ઓપરેશન કરવામાં આવ્યા છે. જેમાંનાં તમામ બાળકો બોલતા અને સાંભળતા થયા છે તેમ પણ ગાંધીનગરના સર્જને જણાવ્યુ હતું. ત્યારે રાજકોટ સિવિલ



હોસ્પિટલના સુપરિટેન્ડેન્ટ સાથે વાત કરતાં તેમણે કહ્યું હતું કે, કોવિડ અને મ્યુકરમાઈકોસિસને કારણે ઓપરેશન બંધ થયા હતા. પરંતુ તેમ છતાં રાજકોટના ડોક્ટર દ્વારા સારી કામગીરી કરી ઓપરેશન કરવામાં આવ્યા હતા.

# પાટડીના ફતેપુર ગામે તળાવમાં ડૂબી જતા કાકા - ભત્રીજાનાં મોત



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) વઢવાણ તા. ૬ :

પાટડી તાલુકાના ફત્તેપુર ગામે વાલ્મિકી વાસમાં રહેતા ૨૮ વર્ષના કાકા અરવિંદ વાઘેલા અને એમનો ૧૬ વર્ષનો ભત્રીજો વિજય વાઘેલા ઘરેથી ખેતર જવા નીકળ્યા હતા. પરંતુ મોડી સાંજ સુધી બન્ને ખેતરેથી ઘરે પરત ન આવતા એમના પરિવારજનો એમને શોધવા ખેતર દોડી ગયા હતા. પરંતુ ત્યાં પણ બન્નેની કોઇ ભાળ મળી નહોંતી. પરંતુ ખેતરની બાજુમાં આવેલા સીમ તળાવ પાસે બાઇક અને બન્નેના કપડા મળી આવતા બન્ને તળાવમાં ન્હાવા પડ્યા હોવાની શંકાના આધારે પરિવારજનોએ ગ્રામજનોને જાણ કરતા ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ત્યારબાદ ગામના તરવૈયાઓ દ્વારા સીમ તળાવમાંથી ૩થી ૪ કલાકની ભારે શોધખોળ બાદ મોડી સાંજે બન્નેના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતા.

ગોઝારા બનાવની પીએસઆઇ વી.પી. મલ્હોત્રાને થતાં ઝીંઝુવાડા પોલિસ મથકનો કાફલો ઘટના સ્થળે દોડી જઇ બન્ને કાકા-ભત્રીજાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે પાટડી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તો બીજી બાજુ ફત્તેપુર ગામના વાલ્મિકી સમાજના કાકા-ભત્રીજાનું એકસાથે તળાવમાં ડૂબી જવાથી મોત નિપજતા પરીવાર પર આભ તૂટી પડતાંની સાથે જ ભારે આક્રંદથી વાતાવરણમાં ગમગીની છવાઇ જવા પામી હતી.

# જેતપુરના દેવકી ગાલોલમાંથી દારૂની ૩૬ બોટલ સાથે અમરેલીનો શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૬: જેતપુર તાલુકાના દેવકી ગાલોલમાંથી વિદેશી દારૂની ૩૬ બોટલ સાથે રૂ.૪૦ હજારના મુદામાલ સાથે અમરેલીના ભાવેશ પટેલને રૂરલ ક્રાઈમ બ્રાંચ પકડીને જેતપુર તાલુકા પોલીસને હવાલે ક્ર્યો હતો. પુછપરછમાં સપ્લાયર તરીકે સુરતના જયેશનું નામ ખુલતા શોધખોળ હાથ ધરી હતી. દરોડાની વિગત મુજબ રૂરલ ક્રાઈમ બ્રાંચ પી.આઈ. આર.બી.ગોહીલના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ ડાંગર પેટ્રોલીંગમાં હતા ત્યારે મળેલ બાતમીના આધારે જેતપુર તાલુકાના દેવકી ગાલોલ ગામે બસ સ્ટેન્ડ પાસેથી નીકળેલા ભાવેન્દ્ર ગોબર સાવલીયા (ઉ.વ.૩૦) (રહે.હનુમાન ખીજડીયા, અમરેલી)ને અટકાવીને તલાસી લેતા તેની પાસેથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૩૬ બોટલ મળી આવી હતી. જેમને રૂરલ ક્રાઈમ બ્રાંચે વિદેશી દારૂ રૂ.૩૦ હજાર અને મોબાઈલ ફોન-બે રૂ.૧૦ હજાર મળી કુલ રૂ.૪૦ હજારના મુદામાલ સાથે જેતપુર તાલુકા પોલીસના હવાલે ક્ર્યો હતો. જેતપુર પોલીસના પી.એસ.આઈ. એસ.આર.ખરાડી અને ટીમે આરોપીની વધુ પુછપરછ કરતા કબલ્યુ હતુ કે આ દારૂ તે સુરતના જયેશ રામોલીયા પાસેથી વહેંચાણ માટે લઈ આવ્યો હતો. આરોપીની કબુલાત પરથી પોલીસે જયેશ રામોલીયાની શોધખોળ હાથ ધરી હતી.

# રાજકોટ મહાજન પાંજરાપોળમાં ગૌ-દત્તક યોજના: લાભ લેવા દાતાઓને અપીલ

## ઘાસચારાની કાયમીતિથી ગૌ-માતા વિશ્રાંતિગૃહ માટે સંસ્થાનો અનુરોધ: ૫ હજાર પશુઓ અહી આશ્રય લ્યે છે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ તા.૬ :

અત્રેના જીવદયા સેવા સંસ્થા રાજકોટ મહાજન પાંજરાપોળ ટ્રસ્ટ દ્વારા ૧૨૫ વર્ષથી પશુધનની સેવા કરવામાં આવે છે. સંસ્થા દ્વારા ગૌ-દત્તક યોજના શરૂ કરવામાં આવી છે.

જેનો લાભ લેવા દાત્તાઓને ટ્રસ્ટ દ્વારા અપીલ કરાઇ છે.

આ અંગે સંસ્થાની યાદીમાં જણાવાયું છે કે રાજકોટ મહાજન પાંજરાપોળની છત્રછાયામાં ૧૨૫ વર્ષથી આશ્રિત મુક જીવીની સતત સાર સંભાળની ગરીમા આપ સૌના સહકારથી જળવાઇ રહી છે.

હાલમાં અંધ, અપંગ, બિમાર, અશક્ત, પાકટ, અકસ્માતથી ઘવાયેલા, નધણિયાત પશુઓ ગાય, બળદ, વાછરડા, ભેસ, પાડા આદિ અબોલ પશુ-પક્ષીઓ આશરે ૫૦૦૦ આશ્રય પામેલ છે જેનો દૈનિક નિભાવ ખર્ચ સરેરાશ રૂ.૧,૫૦,૦૦૦ જેટલો છે. સંસ્થાનો મુખ્ય ઉદેશ છે. અભવદાનના જેથી અબોલ જીવ કતલથી બચી જાય.

દાત્તાઓ તરફથી અમોને અવાર-નવાર દાન મોકલી જીવદયા પ્રવૃતિને પ્રોત્સાહીત કરી રહ્યા છે. કોરોના મહામારી તેમજ વરસાદ ખેંચાતા દાનના પ્રવાહ સતત ઘટતો રહ્યો છે. અને જીવોની આવક વધી રહી છે. આવા સંજોગોમાં સૌ જીવદયા પ્રેમીઓને વિનંતી છેકે પર્યુષણ પર્વ, પિતૃ અમાસ તેમજ શ્રદ્ધાના દિવસો આવી રહ્યા છે. આવા પવિત્ર દિવસોમાં સૌને યોગ્ય ફાળો આપવા અપીલ છે.

સંસ્થાની અનુકુળ યોજનારાજકોટ મહાજન પાંજરાપોળ વાર્ષિક એક પશુ દત્તક યોજના રૂ.૧૧૦૦૦ ગૌમાતા દત્તક યોજનાનો



આપ સી જીવદયાપ્રેમી દાન આપી આ યોજનાનો લાભ લઇ શકો છો. લાભ લેનાર દાત્તાનું નામ એક વર્ષ માટે બોર્ડ ઉપર નોંધવામાં આવે છે. ઘાસચારા કાયમી તિથિ રૂ.૧,૨૫,૦૦૦ ગૌ-માતા વિશ્રાંતિ ગૃહ (શેડ)નું બાંધકામ ૪ શેડ, એક શેડના રૂ.૧૨,૫૦ લાખ આ મુજબની યોજનાનો લાભ લેવા દાત્તાઓને સંસ્થા દ્વારા અપીલ કરાઇ છે.(૯.૪)

# જસદણમાં ભાદરવા સુદ બીજે યોજાનારો મેળો રદ

(અમારા પ્રતિનિધિ દ્વારા) રાજકોટ, તા.૬

જસદણ તાલુકામાં યોજાનારા ભાદરવા સુદ બીજના મેળાને કોરોનાને કારણે રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દર વર્ષે ૮ ઓગસ્ટે સતરંગ ધામ ખાતે યોજાનારા આ મેળાને આયોજકોએ રદ કર્યો છે. કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેતાં સતરંગ મંદિર દ્વારા જણાવાયું છે કે દર વર્ષે આ મેળાનું રંગેચંગે આયોજન થાય છે પરંતુ આ વર્ષે કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખી તે યોજવો વ્યાજબી નથી. દર વર્ષે આ મેળાનો આનંદ ઉઠાવવા મોટી સંખ્યામાં લોકો આવે છે. આ ઉપરાંત સ્ટોલ લઈ વેપાર અર્થે આવતાં વેપારીઓને પણ આ વર્ષે ન આવવા મંદિર દ્વારા અપીલ કરવામાં આવી છે.(૯.૪)

# રાજયની સરહદે આરોગ્ય વિભાગની ટીમો તૈનાત: ચેકપોસ્ટ પર કોરોના ચેકિંગ

## મહારાષ્ટ્રમાંથી પ્રવેશતા કોઈ મુસાફર પાસે આર.ટી.પી.સી.આર કે ૨ ડોઝનું પ્રમાણપત્ર ન હોય તો તેમના ટેસ્ટ માટેની પણ તૈયારી

(અમારા પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર.તા.૦૬

ગુજરાતના પાડોશી રાજય મહારાષ્ટ્રમાં કોરોનાના કેસ ફરી એક વખત વધતા વલસાડ ગુજરાતનું આરોગ્ય વિભાગ સતર્ક થઈ ગયું છે.જેથી સલામતીના ભાગરૂપે વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા ફરી એક વખત ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ પર આવેલી ચેક પોસ્ટ પર આરોગ્ય વિભાગની ટીમો તૈનાત કરવામાં આવી છે.

કોરોનાના પ્રથમ અને બીજા વેવમાં જે રીતે રાજ્યમાં પ્રવેશતા તમામ ચેકપોસ્ટો પર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.એવી જ રીતે ફરી એક વખત મહારાષ્ટ્ર અને ગુજરાતની બોર્ડર પર તલાસરી ખાતે આરોગ્ય વિભાગની ટીમો તૈનાત કરવામાં આવી છે.આરોગ્ય વિભાગની ટીમો દ્વારા મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં પ્રવેશતા વાહનોમાં સવાર લોકોના ૨ ડોઝ વેકસિન અથવા તો આર.ટી.પી.સી.આર ચેક કરવામાં આવી રહ્યા છે. જો કોઈ મુસાફર પાસે આર.ટી.પી.સી.આર કે ૨ ડોઝનું પ્રમાણ પત્ર ન હોય તો તેમના ટેસ્ટ માટેની પણ તૈયારી પણ કરવામાં આવી છે.સલામતીના ભાગ રૂપે વલસાડ જિલ્લામાં મહારાષ્ટ્રથી ગુજરાતમાં પ્રવેશતા ૩ ચેકપોસ્ટ પર આરોગ્ય વિભાગની ટીમો તૈનાત કરવામાં આવી છે.ભિલાડ,કપરાડા અને ધરમપુર તાલુકામાં ચેકપોસ્ટ પર આરોગ્ય વિભાગની ટીમો ચેકિંગ કરી રહી છે.



જોકે આ વખતે આરોગ્ય અધિકારીઓ માટે કોઈ ખાસ વ્યસ્થા ઉભી કરવામાં આવી નથી અને ખુલ્લામાં તેમને મુસાફરોનું ચેકિંગ કરવાની ફરજ પડી રહી છે.(૯.૪)

# ભાયાવદરમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) ભાયાવદર તા.૬

ભાયાવદર મયુરનગર વિસ્તારમાં રહેતા પાંચ શખ્સો જુગાર રમતા ઝડપાયા છે. જેમાં સંજયભાઈ મોહનભાઈ કનેરીયા (પટેલ) મયુરનગર વિસ્તારમાં પોતાની માલિકીના મકાનમાં બીજા શખ્સો બોલાવીને જુગાર રમાડતા હતા. આ તીન પતીના જુગારમાં બહારથી બોલાવેલા શખ્સોને બધી સુવિધા પુરી પાડી આપતા હતા.

આ જુગારધામમાં પોલીસે રોકડા રૂપિયા તેમજ મોબાઈલ ફોન, મોટર સાયકલ જેવો મુદામાલ કબ્જે કરેલ જેમાં કુલ મુદામાલ ૫૬૨૯૦ પકડેલ છે. સંજયભાઈ મોહનભાઈ કનેરીયા રહે. ભાયાવદર, નવીનભાઈ વેલજીભાઈ રાડીયા રહે. કોલકી નીતીનભાઈ નરશીભાઈ માકડીયા રહે. ભાયાવદર, નવીનભાઈ વેલજીભાઈ રાડીયા રહે. કોલકી નીતીનભાઈ નરશીભાઈ માકડીયા રહે. કોલકી, દિપકભાઈ જેન્તીભાઈ ભોજાણી રહે. ભાયાવદર, લલીતભાઈ રણછોડભાઈ માણસોણીયા રહે. ભાયાવદર ને ભાયાવદર પોલીસ ટીમે પકડી પાડયા છે. જે પોલીસ સ્ટાફ પી.એસ.આઈ. એલ.વી.ગોજીયા, પંકજસિંહ પ્રભાતસિંહ જાડેજા, મિલનભાઈ રમેશભાઈ કાનગડ, જયંતીભાઈ બચુભાઈ મકવાણા, વિરમભાઈ સરમણભાઈ લીંભા, સંજયભાઈ દેવજીભાઈ પંચાળાએ કામગીરી કરેલ છે.(૯.૪)

### જસદણના ખાનપર રોડ પરની ઘટના

# મિત્રની પત્ની રિસામણે જતા સમાધાન કરવા ગયેલા યુવક પર પાઈપ વડે હુમલો

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ) રાજકોટ તા.૬

જસદણના ખાનપર રોડ પર સ્વામિનારાયણ મંદિર પાસે મારામારીની ઘટના બની હતી. જેમાં મિત્રની પત્ની રીસામણે ગઈ હોવાથી સમાધાન માટે ગયેલા હિતેષગીરી પ્રવિણગીરી ગોસાઈ (ઉ.વ.૩૫, રહે. આટકોટ બાયપાસ રોડ, ધરતી હાઈટ્સ ફ્લેટ, જસદણ) ઉપર મિત્રના સસરા અને કાકાજીએ પાઈપ વડે હુમલો કરી ઢોર માર મારતા જસદણ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

**સસરા અને કાકાજી સામે જસદણ પોલીસે ગુનો નોંધ્યો**

વિસ્તૃત વિગત મુજબ ઘરકંકાસના કારણે મયંકભાઈના પત્ની ત્રણેક મહીનાથી રીસામણે જતા રહ્યા હોવાથી હિતેષભાઈ અને અન્ય લોકો ગત તા.૪ના રોજ સાંજના પાંચેક વાગ્યા આસપાસ મયંકભાઈના સસરા મહેશભાઈ સાવલીયા કે જેઓ જસદણના ખાનપર રોડ પર આવેલા સ્વામિનારાયણ મંદિરની પાસે રહે છે તેમના ઘરે ગયા હતા. હિતેષભાઈ હજુ તો ઘર બહાર ઉભા હતા ત્યાં જ મહેશભાઈ સાવલીયા અને મયંકભાઈના કાકાજી નિતેષભાઈ સાવલીયા દોડી આવ્યા હતા અને બોલાચાલી કરવા લાગ્યા હતા. બનાવ અંગે હિતેષભાઈના જણાવ્યા મુજબ બન્ને આરોપી તેને ઢસડીને ઘરમાં લઈ ગયા હતા અને પાઈપ વડે તેમજ ઢીકાપાટુ વડે માર માર્યો હતો. ત્યારબાદ પોલીસને જાણ કરાતા જસદણ પોલીસના હેડ કોન્સ્ટેબલ રાજાભાઈ અરજણભાઈ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. બનાવ બાદ હિતેષભાઈએ જસદણ સીવીલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી અને ફરીયાદ નોંધાવી હતી. તેમના આક્ષેપ મુજબ આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જસદણ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.(૯.૪)

# રાજકોટમાં પ્રેમ લગ્ન બાબતે યુવકનું અપહરણ બાદ મુક્તિ

## ઉમિયા ચોક પાછળ વૈકુંઠધામ સોસાયટીમાં બનેલો બનાવ: યુવતીના માતા-પિતા સહિત ચારની ધરપકડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ) રાજકોટ તા ૬

રાજકોટના ૧૫૦ ફૂટ રિંગરોડ ઉમિયા ચોક જલજીત સોસાયટી પાછળ વૈકુંઠધામ સોસાયટી-૩માં રહેતા ગુર્જર સુથાર યુવાનનું પ્રેમલગ્નના મુદ્દે યુવતીના માતા-પિતા સહિતના પરિવારજનોએ અપહરણ કર્યા બાદ માલવિયાનગર પોલીસે ત્વરિત કાર્યવાહી કરી અપહ્રત યુવાનને મુક્ત કરાવી અપહરણકર્તા ચારેયને પકડી પાડ્યા હતા.

પ્રેમલગ્નના મુદ્દે યુવતીના માતા-પિતા સહિત ચારે પરીવારજનોએ પુત્રી સાથે લગ્ન કરનાર યુવાનના બનેવીના ભાઇનું અપહરણ કર્યાનું પુછપરછ દરમિયાન જાણવા મળ્યું છે. મળતી વિગતો મુજબ રાજકોટના ૧૫૦ ફૂટ રિંગરોડ ઉમિયા ચોક જલજીત સોસાયટી પાછળ વૈકુંઠધામ સોસાયટી-૩માં રહેતા અને મેટોડા ફેક્ટરીમાં નોકરી કરતાં દિપક કિશોરભાઇ વડગામા (ઉ.વ. ૩૧)નામના યુવાને નોંધાવેલી ફરિયાદ મુજબ, રવિવારે બપોરે તે નોકરી પર હતો.

ત્યારે નાના ભાઇ વિરલનો ફોન આવ્યો હતો. અને તેને ફોનમાં જણાવ્યું કે તે બપોરે જમતો હતો. ત્યારે બે બાઇક પર શૈલેષ રામજી વાઘસણા, તેની પત્ની કાશ્મીરા, નિલેશ મનુ પાટડિયા અને સલીમ કાતર નામના શખ્સો ઘરમાં ઘૂસી આવ્યા હતા. અને કહ્યું કે, તારા ભાઇના સાળા બાબતે તારી સાથે વાતચીત કરવી છે તું ચાલ અમારી સાથે. જેથી સાથે આવવાની ના પાડતા તેઓ મને બળજબરીથી બાઇકમાં બેસાડી ક્યાંક લઇ જતા હોવાની વાત કરી હતી.દીપકે તુરંત પોલીસ કંટ્રોલરૂમને ફોન કર્યો હતો.

જેથી કંટ્રોલરૂમે માલવિયાનગર પોલીસને જાણ કરતા પીઆઇ કે.એન.ભૂકણ, પીએસઆઇ એમ.એસ.મહેશ્વરી સહિતના સ્ટાફે મોબાઇલ ટ્રેસ કરી અપહરણકર્તાઓની પાછળ દોડધામ શરૂ કરી હતી અને ગણતરીના કલાકમાં આરોપીઓના ઘર પાસેથી જ અપહ્રત વિરલને મુક્ત કરાવી લીધો હતો. પકડાયેલા દંપતી સહિત ચારેયને પોલીસમથક લઇ જવાયા હતા.

દિપકે પોલીસને જણાવ્યું હતું કે શૈલેષભાઇ રામજીભાઇ તથા કાશ્મીરાબેન વાઘસણાની દિકરી જાનવી સાથે મારા કાકાજી સસરાના દિકરા હિરેન રમેશભાઇ સીનરોજાને પ્રેમ સબંધ હોય કાકાજી સસરાના દીકરા હિરેન રમેશભાઇ સીનરોજાએ થોડા દિવસ પહેલા આરોપી શૈલેષ વાઘસણાની પુત્રી જાન્વીને ભગાડી જઇ પ્રેમલગ્ન કર્યા હોય તેનો ખાર રાખી પોતાના નાના ભાઇનું અપહરણ કર્યું હોવાનું મુક્ત થયેલા વિરલના ભાઇ દીપકે પોલીસને જણાવ્યું છે. માલવિયાનગર પોલીસે દીપક વડગામાની ફરિયાદ પરથી ગુનો નોંધી દંપતી સહિત ચારની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે.(૯.૪)

### થોરાળા પોલીસે ગુન્હાનો ભેદ ઉકેલવા સીસીટીવી ફુટેઝ મેળવવા તજવીજ

# રાજકોટના દૂધસાગર રોડ ઉપર એક્ટિવાની ડેકી તોડી રૂ.૧.૫૦ લાખના મોબાઈલની ચોરી

## વેપારીએ ફરિયાદ નોંધાવી : બંને પુત્રો ચાની હોટેલ પર નાસ્તો કરતા હતા અને ગઠિયો આરામથી ડેકી તોડી બે મોબાઈલ તફડાવી ગયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ) રાજકોટ,તા.૬

કાલાવડ રોડ જડૂસ હોટેલ પાસે એવરેસ્ટપાર્કમાં રહેતા જયસુખભાઇ લક્ષ્મીદાસ ભાઇ રૂપાભીંડા(લુહાણા)(ઉ.વ.૪૬)ના સંતાનો થોરાળા વિસ્તારમાં દૂધસાગર મેઈન રોડ ઉપર એક્ટિવા લઇ ચા નાસ્તો કરવા ગયા ત્યારે કોઇ અજાણ્યા શખ્સોએ બાઇકની ડેકી તોડી અંદરથી રૂ.૧,૫૦ લાખના બે મોબાઇલની કોઈ તસ્કરી કર્યાની ફરિયાદ થોરાળા પોલીસમાં નોંધાવી છે.જયસુખભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું મારા પરીવાર સાથે રહુ છુ અને ૧૫૦ ફુટ રીંગરોડ રૈયા ચોકડી પાસે ભગીરથ સેલ્સ નામની દુકાનમાં બેસી વેપાર ધંધો કરી મારૂ તથા મારા પરીવાર નું ગુજરાન ચલાવું છું ગત તા.૩ના રોજ દુધ સાગર મેઇન રોડ ડાભી હોટલ પાસે સાંજના આશરે સાડા ચારેક વાગ્યાના અરસામાં ચા પાણી નાસ્તો કરવા ઉભેલ હતા અને અમારું એકટીવા રોડની બાજુમાં પાર્ક કરેલ હતુ અને એકટીવાની ડેકી મા અમારા બન્નેના મોબાઇલ રાખેલ હતા અને અમે બંને થોડે દુર ચા પાણી નાસ્તો કરવા ગયેલ હતા અને થોડીવારમાં ચા



પાણી નાસ્તો કરી જે જગ્યા ઉપર એકટીવા પાર્ક કરેલ હતુ.તે જગ્યા ઉપર આવતા એકટીવાની ડેકી ખુલ્લી હોય અને ડેકીમાં રાખેલ બન્ને મોબાઇલ ફોન જોવા મળેલ નહી જેથી મારા દીકરા નીકુંજે તથા મારા ભત્રીજા રવીએ આ બનાવની જાણ મારા ઘરે આવી મને જણાવેલ હતું. જેથી આ મારા છોકરાઓએ દુધસાગર મેઇન રોડ ડાભી હોટલ પાસે એકટીવા રોડ ઉપર ઉભુ રાખી ચા નાસ્તો કરવા ગયેલ અને ચા નાસ્તો કરી પરત આવતા એકટીવાની ડેકીમાં રાખેલ મોબાઇલ ફોન લેવા જતા જેમા મારા દીકરા નિકુંજનો વન પ્લસ નાઇન આર નેવી કલરનો જેની કિ.રૂ.૨૦,૦૦૦ તથા મારા ભત્રીજા રવી નો મોબાઇલ આઇફોન ટવેલ્થ પ્રો મેક્સ જેની કિ.રૂ.૧,૩૦,૦૦૦ ના આ બન્ને મોબાઇલો એકટીવાની ડેકીમાં જોવા મળેલ નહી જેથી આ બન્ને જણા ઓએ તેના મોબાઇલ ફોન આજુબાજુમાં શોધેલ પર તુ તેની ભાળ મળેલ નહી અને બન્ને જણા ઘરે આવી આ બનાવની મને જાણ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.આ મામલે થોરાળા પોલીસ મથકના પીઆઇ બી.એમ.કાતરીયાની રાહબરીમાં પીએસઆઈ જી.એસ.ગઢવી સહિતના સ્ટાફે સીસીટીવી ફુટેઝના આધારે તપાસ આદરી છે.(૯.૪)

# જામકંડોરણા અને ગોંડલમાં જુગારના દરોડા : ૧૩ શખ્સો પકડાયા

રાજકોટ તા.૬ રાજકોટ જીલ્લાના જામકંડોરણા અને ગોંડલમાં પોલીસે જુગારના ત્રણ દરોડા પાડીને પતા ઢીંચતા ૧૩ શખ્સોને રૂ.૭૫ હજારની રોકડ સાથે દબોચી લીધા હતા. જે અંગે રૂરલ ક્રાઈમ બ્રાંચ, જામકંડોરણા અને ગોંડલ પોલીસ મથકના સ્ટાફે કાર્યવાહી કરી હતી. જુગારના દરોડાની વિગત મુજબ જામકંડોરણાના ચિત્રાવડ ગામે જાહેરમાં ચાલતા જુગારમાં દરોડો પાડીને હસમુખભાઈ ઉર્ફે હસાભાઈ હરજીભાઈ બગડા, વિશાલભાઈ ઉર્ફે ટકુ દિનેશભાઈ બગડા, કાનજીભાઈ ઉર્ફે કિશો હનુભાઈ બગડા, કૌશિકભાઈ ઉર્ફે જગુ હસમુખભાઈ બગડા, ધનજીભાઈ ઉર્ફે બાલો નારણભાઈ મહિડા રોકડ રૂ.૧૦૨૨૦ તથા મોબાઈલ ફોન નંગ-૪ કિ.રૂ.૧૭,૦૦૦ એમ કુલ મુદામાલ કિ.રૂ.૨૭,૨૨૦ના સાથે તમામને દબોચી લીધા હતા. બીજા દરોડાની વિગત મુજબ જામકંડોરણા તાલુકાના મોજ ખીજડીયા ગામની સીમ-વિસ્તારમાં જાહેરમાં ચાલતા જુગાર પર દરોડો પાડીને દિનેશભાઈ ધીરૂભાઈ ચંવાડીયા, વનરાજસિંહ રવુભા જાડેજા, દિનેશભાઈ રણમલભાઈ વામરોટીયા કુલ રોકડ રૂ.૪૬,૧૫૦ સાથે મળી આવતા તમામને પકડી પાડયા હતા. ત્રીજા દરોડાની વિગત મુજબ ગોંડલમાં નવા માર્કેટીંગ યાર્ડ અંદર જુના વે-બ્રીજ નજીક જાહેરમાં ચાલતા જુગારમાં દરોડો પાડીને ભુપતભાઈ મચ્છાભાઈ ધ્રાંગીયા, આકાશભાઈ ઉર્ફે બંટી વિનુભાઈ રાજયગુરૂ, પ્રકાશભાઈ ધરમશીભાઈ સાવલીયા, સવજીભાઈ વશરામભાઈ ઠુંમર, રીયાઝભાઈ રઝાકભાઈ મુલ્લા કુલ રોકડ રૂ.૧૮૨૦ મળી આવતા ધરપકડ કરવામાં આવી હતી.

## તંત્રી સ્થાનેથી...

### ઈલેક્ટ્રિક વાહનોનો યુગ શરૂ...

ઈ લેક્ટ્રોનિક ક્રાંતિના પગલે ઇન્ફર્મેશન ટેક્નોલોજીના ક્ષેત્રે સતત નવા ગુરુશિખરો સ્થાપવાની ફાવટ પછી વિકસિત દેશોનું ધ્યાન ઇલેક્ટ્રિક વિહિકલ તરફ વળ્યું છે. ઇલેક્ટ્રિક વિહિકલની વિઝીબિલિટી અત્યારે નગણ્ય છે, છતાં પણ જે દેશ તે ક્ષેત્રમાં પાછળ રહેશે તે કાયમ માટે હાંસિયામાં ધકેલાઈ જશે તે સુનિશ્ચિત છે. કારણ કે ૨૦૫૦ પછી એવા મ્યુઝિયમોના બાંધકામની શરૂઆત થઈ જવાના છે જેમાં પેટ્રોલ-ડિઝલથી ચાલતા વાહનોનું પ્રદર્શન યોજી શકાય !

પેટ્રોલ-ડિઝલના દરરોજ વધતા ભાવના આ સમયમાં આવી કલ્પના તત્કાલીન રાહત આપી શકે. પણ વાસ્તવિકતા એ છે કે વર્તમાન સરકાર . ઇલેક્ટ્રિક વિહિકલના ક્ષેત્રે સમગ્ર ભારતમાં ક્રાંતિ લાવવા માટે ગંભીર છે. ભારતનું ઉજ્જવળ ભવિષ્ય . ઇલેક્ટ્રિક વિહિકલના માર્ગમાં છે. એ લક્ષ્યને આડે અડચણો છે ને ઘણી કપરી છે અને મોંઘી પણ છે. ઇલેક્ટ્રિક વિહિકલ એટલે બેટરી સંચાલિત વાહનો. જે વાહનોના પિસ્ટન અગ્નિજન્ય બળતણને જોરે ન ચાલતા હોય પણ એન્જિન સાથે જોડાયેલી મોટી બેટરીમાંથી મળતાં પાવરની તાકાતથી ચલાયમાન રહે તે વિહિકલની ગણના ઇલેક્ટ્રિક વિહિકલમાં થાય. ભારતના અમુક રાજ્યોની સરકારે બેટરી ઓપરેટેડ ટુ-વહીલર માટે બે હજારથી લઈને દસ હજારની સબસીડી આપવા સુધીની જાહેરાત કરી છે. વર્ષના વચલા દિને જરા પણ અવાજ ન કરતું અને બહુ સ્ફૂર્તિથી દોડતું હલકુંફુલકું ઇલેક્ટ્રિક ટુ-વિહિલર નજરે પણ ચડી જાય છે. પરંતુ દેશની ટ્રાન્સપોર્ટ સિસ્ટમમાં ક્રાંતિ આવી ત્યારે કહેવાય જ્યારે દ્વિચક્રીય વાહનોને બદલે ચતુશ્ચક્રીય વાહનો પણ ઇલેક્ટ્રિક ફોર્મમાં વેચાય અને વપરાય. વીજળીને ચમકારે મોતી પરોવવા જેવું આ કામ છે.

કેન્દ્રના રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર નીતિન ગડકરીએ તેલ અને તેલની ધાર જોઈને એક મહત્વાકાંક્ષી ઉચ્ચારણ કર્યું છે કે ઇલેક્ટ્રિક વિહિકલના મેન્યુફેક્ચકરિંગમાં ભારત વિશ્વસ્તરે હબ બનશે. ભારતમાં ઇલેક્ટ્રિક બસો, ગાડીઓ અને ટુ-વ્હીલરોનું મોટાપાયે ઉત્પાદન થતું હશે અને તેની નિકાસ પણ થતી હશે એવો આશાવાદ ગડકરીના નિવેદનમાં દેખાય છે. આમ પણ ભારતે ઘણા સમય પહેલા જાહેર કરેલું કે આવતા દસ કે પંદર વર્ષ પછી ભારતમાં ક્રમિક રીતે પેટ્રોલ-ડિઝલથી ચાલતા વાહનોના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવશે. એનો અર્થ એ કે વાહનચાલકોનો મોટો સમુદાય ઇલેક્ટ્રિક વિહિકલની બજાર તરફ વળશે.

ઇલેક્ટ્રિક વિહિકલનો સમય લાવવામાંમાં સૌથી મોટો પડકાર તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઊંચી કિંમતનો છે. અત્યારે ટાટા જેવી ભારતીય કંપનીએ ઇલેક્ટ્રિક કાર વેચવાનું ચાલુ કર્યું છે પણ તેની વેચાણ કિંમત એ જ કેટેગરીની પરંપરાગત ગાડી કરતા બમણી છે. અધૂરામાં પૂરું, એ ગાડી એક વખત સંપૂર્ણ ચાર્જ કર્યા બાદ માત્ર બસ્સોથી અઢીસો કિલોમીટર જ એકધારી ચાલી શકે. ત્યારબાદ ફરીથી તેનું રીચાર્જિંગ કરવું રહ્યું. તેના માટે હાઇવે ઉપર ચાર્જિંગ સ્ટેશન ઊભા કરવા પડે. તે મોટું બજેટ માંગી લેતી વ્યવસ્થા છે. ચિત્રોમાં બધું સારું લાગે પણ એની અમલવારી બહુ ભારે પડે એમ છે. અમેરિકામાં અત્યારે દરરોજ લઘુતમ એક નવા ચાર્જિંગ સ્ટેશનનું ઇન્સ્ટોલેશન થાય છે અને ત્યાંના પ્રમુખ બાઈડને થોડા વર્ષોમાં હજારો ચાર્જિંગ સ્ટેશન ઊભા કરવાનો અશક્ય લાગતો વાયદો પણ કર્યો છે. ગુજરાતમાં પણ પચાસ ઠેકાણે ચાર્જિંગ સ્ટેશન ઊભા થશે તેવી જાહેરાત થઈ છે. પરંતુ જ્યાં સુધી ઇલેક્ટ્રિક ગાડી ન હોય ત્યાં સુધી ચાર્જિંગ સ્ટેશન નકામા અને ચાર્જિંગ સ્ટેશન ન હોય તો ઇલેક્ટ્રિક ગાડી કોઈ શું કામ લે? બીજા ટેક્નિકલ અને આર્થિક પડકારો ઉપરાંત સૌથી મોટો પડકાર આંતરરાષ્ટ્રીય છે અને તે પડકારનું નામ છે - દુષ્ટ ચીન અને ચીનાઓ. વિશ્વના એંશી ટકા ઇલેક્ટ્રિક વિહિકલનું કે તેની બેટરી અને બીજા ઉપકરણોનું ઉત્પાદન ચીન બહુ સસ્તામાં કરી આપે છે.

# ગાયોને છરી ઝીંકનાર શખ્સને કાયદાનું ભાન કરાવતી પોલીસ

**કેસરી હિન્દ પુલની નીચે ગૌ પ્રેમીઓનું ટોળું ભેગું થતા પોલીસે બંદોબસ્ત ગોઠવી દઈ એનિમલ હેલ્પલાઇન મારફતે ગાયોની સઘન સારવાર કરાવી**

**રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં ત્રણ ગાયોને ધારદાર હથિયારના ઘા ઝિંકી લોહીલુહાણ કરી દેવાતા લોકોમાં રોષ ફેલાયો**





(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૬

શહેરમાં ભગવતીપરા બ્રિજ નીચે ત્રણ ગાયોને ક્રૂરતાપૂર્વક છરી ઝીંકી નાશી છૂટતા ગૌ પ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો હતો. બનાવ અંગેની જાણ થતાં બી ડિવિઝન પોલીસે બંદોબસ્ત ગોઠવી દઈ એનિમલ હેલ્પલાઇન મારફતે ગાયોની સારવાર કરાવી હતી. ગૌ પ્રેમીઓનો રોષ જોઈ એ-ડિવઝિન પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ગણતરીના કલાકોમાં મહાત્મા ગાંધી પ્લોટના શખ્સને છરી સાથે પકડી પાડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

ચાર જેટલી ગાયો પર હુમલો કર્યા અંગે મહાત્મા ગાંધી પ્લોટમાં રહેતા ભરતભાઇ ભૂપતભાઈ મકવાણા (ઉ.વ ૩૦ )ની ફરિયાદ પરથી બી ડિવિઝન પોલીસે અજાણ્યા શખ્સની સામે આઇ.પી.સી.કલમ-૪૨૮, ૪૨૯, ૨૯૫(ક) તથા પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમની કલમ-૧૧(૧)(ફ)(હ) તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી હતી. પી.આઈ સી.જે.જોશી અને પી.એસ.આઈ બીબી કોડીયાતરની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે શોધખોળ હાથ ધરી હતી.

ગૌપ્રેમીઓના રોષને જોઈને પોલીસે સીસીટીવી ફુટેજની મદદથી આરોપી વિશાલ જયંતીભાઈ મકવાણા (ઉ.વ ૨૩ રહે. મહાત્મા ગાંધી પ્લોટ શેરી નંબર ૦૧ ) ને છરી સાથે ઝડપી લીધો હતો.

યુવકની આગવી ઢબે પોલીસે પુછપરછ કરતા આરોપી ભાંગી પડ્યો હતો અને અગાઉ ગાયે ઢીક માર્યાનો ખાર રાખી હુમલો કર્યાનું જણાવ્યું હતું. (૫.૫)





**ગઈ કાલે પારેવડી ચોક પાસે ગાયો પર થયેલ હુમલાના આરોપીને કડક સજા આપવા કલેકટર અને પોલીસ કમિશ્નરને આવેદન પાઠવી રજૂઆત...**

## ગોવર્ધન ચોકમાં આધેડની થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો; લુણીવાવગામનો શખ્સ ઝડપાયો

**ફૂટપાથ પર આધેડને સાઈડમાં સુવા જેવી બાબતે શખ્સે બેલાનો એક ઘા મારી ઢીમ ઢાળી દીધાનું ખુલ્યું : મૃતક રાજકોટમાં રખડતું -ભટકતું જીવન જીવી ઘરનું ગુજરાન ચલાવતા**





(તસવીરઃ દિલીપ ગોહેલ)

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૬

શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પરના ગોવર્ધન ચોક નજીક ફૂટપાથ ઉપર સુતેલા આધેડને રોડની સાઈડમાં જવા મુદ્દે લુણીવાવગામના શખ્સે ઝઘડો કરી માથામાં પથ્થર ઝીંકી દઈ હત્યા કરી નાખ્યા. અંગેની ફરિયાદ માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

હત્યાના બનાવ અંગે ખોડિયારનગર શેરી નંબર ૧૪ માં રહેતા મજૂરીકામ કરતા કાંતિ રાવજી મકવાણાની ફરિયાદ પરથી માલવીયાનગર પોલીસે તેના મામા દિનેશભાઇ ઉર્ફે જેમભાઇ પોપટભાઈ સરમાણીની હત્યા કરનાર આરોપી જયંતી ભીખુ જોટાણીયા (રહે.લુણીવાવ ગામ ગોંડલ ) ની સામે હત્યા - જાહેરનામા ભંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

જાણવા મળ્યા મુજબ રાત્રે શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પરના ગોવર્ધન ચોક શનિવાર રાત્રીના મૂળ કોટડા સાંગાણીના મેંગની દિનેશભાઇ પોપટભાઈ ખાંટ ( ઉ,વ,૫૫ ) નામના પ્રૌઢની કોઈ અજાણ્યા શખ્સે પથ્થરના ઘા ઝીકી હત્યા કરી નાખી હતી. બનાવ અંગે જાણ થતા માલવિયાનગર પોલીસ સ્ટેશનના પી.આઈ કે.એન.ભૂંકણ, પી.એસ.આઈ વી.કે.ઝાલાની ટીમે દોડી જઈ મૃતદેહને પી.એમ અર્થે ખસેડ્યો હતો. ઘણા સમયના આજુબાજુના સીસીટીવી ફૂટેજના આધારે આરોપી જયંતી ભીખુ જોટાણીયા (રહે.લુણીવાવ ગામ ગોંડલ ) ની ધરપકડ કરી હતી.

મરણજનાર આધેડએ રખડતું ભટકતું જીવન જીવતા હતા. રાત્રીના ફૂટપાથ ઉપર સુતા હતા. ત્યારે રસ્તા પરથી પસાર થતાં આરોપી જયંતી ભીખુ જોટાણીયાએ રોડની સાઈડમાં સુવાનું કહ્યું હતું.

જે બાબતે મરણજનાર અને આરોપી વચ્ચે ગાળાગાળી થઇ હતી,જેનો ખાર રાખી આરોપીએ જયંતિએ બેલા વડે હુમલો કરતા આધેડનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. મરણજનારને સંતાનમાં એક દીકરી અને બે દીકરા છે.(૫.૫)

## મોટામવામાં આર્થિક સંકડામણથી કંટાળી યુવકનો ફાંસો ખાઈ આપઘાત



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૬

મોટામવા પાસે રહેતા યુવકે આર્થિક સંકડામણ અને દારૂની કુટેવથી કંટાળી આપઘાત કરી લેતા પરિવારના અરેરાટી મચી જવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ મોટામવા પાસે રહેતા કડીયાકામ કરતા જીજ્ઞેશભાઈ વિનોદભાઈ દાફડા ( ઉ.વ ૨૮ ) એ પોતાના ઘરે આર્થિક સંકડામણ અને દારૂની કુટેવથી કંટાળી પંખામાં ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી.બનાવ અંગે પરિવારજનોએ તાલુકા પોલીસને જાણ કરતા એ.એસ.આઈ જે.ડી.વાઘેલાની ટીમેં દોડી જઈ મૃતદેહને પી.એમ અર્થે ખસેડયો હતો.(૫.૫)

## બાલાની વાવ ગામ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**પોલીસ કર્મીઓ દ્વારા અમૃતવન મહોત્સવની ઉજવણી કરાઈ**



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

જાફરાબાદ, તા.૬

જાફરાબાદ તાલુકાના બાલાની વાવ ગામે રાજ્ય અનામત પોલીસ જૂથ ૨૧ એસ.આર.પી દ્વારા અમૃત વન મહોત્સવ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. બાલાની વાવ ગામે એસ.આર.પી જૂથ ૨૧ હાલ કેમ્પ ગોંડલના અધિકારીઓ દ્વારા બાલાની વાવ ગામના વડીલો, યુવાનો, સરપંચ તેમજ ઉપસરપંચ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પી.આઈ શાંતિલાલ પટેલ, પી.એસ.આઈ ભગીરથસિંહ જાડેજા, એ.એસ.આઈ ગાન્ડુભા જાડેજા તેમજ તેમની ટીમના એસ.આર.પી જવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

બાલાની વાવ ગામનાં લોકો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.(૧૦.૧૨)

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

**સરગમ ક્લબ અને કમાણી ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે**

## દિવ્યાંગો માટે ત્રિ- દિવસીય નિઃશુલ્ક જયપુર ફૂટ કેમ્પ યોજાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે તા. ૧/૯/૨૧ થી ૩/૯/૨૧ સુધી આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૬૫ દર્દીએ લાભ લીધેલ જેમાં કેલીપર્સનાં દર્દી- ૧૭ અને લેગ (પગ) ના ૩૮, રીપેરીંગ ૧૦ દર્દીઓએ વિના મુલ્ય લાભ લીધેલ.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને નિઃશુલ્ક કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથો-સાથ કેલીપર્સ અને ઘોડી વગેરે નિઃશુલ્ક આપવામાં આવેલ છે.

આ કેમ્પની સફળતા માટે

**ત્રણ દિવસ કેમ્પમાં ૬૫ દર્દીએ લાભ લીધો**

સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનના સહયોગથી અને તેના માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને આ કેમ્પમાં કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણીનો સહયોગ મળેલ છે. આ કેમ્પને સફળ બનાવવા માટે કમાણી ફાઉન્ડેશનના મનીષભાઈ મારું, કિશોરભાઈ પરમાર, જે.કે.સરાઠે તેમજ સરગમ કલબના કમિટી મેમ્બર પ્રફુલભાઈ મીરાણી, કનૈયાલાલ ગજેરા તેમજ સરગમ લેડીઝ- કમિટી મેમ્બરો ભાવનાબેન મહેતા, કૈલાશબેન વાળા, દેવાંશીબેન સેઠ, અનુશ્રીબેન ગુજરાતી, અલ્કાબેન કામદાર, આશાબેન ભુડા, જયશ્રીબેન વ્યાસ, ચેતનાબેન સવજાણી વગેરેએ જહેમત ઉઠાવી હતી. આ કેમ્પમાં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરે સેવા આપેલ, આવનારા તમામ દર્દીઓને વિના મુલ્ય ચા-પાણી આપવામાં આવેલ. આગામી કેમ્પ તા. ૧/૧૦/૨૧ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે.(૪.૧૨)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર કાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

## વડિયાના ઢૂંઢિયા પીપળીયા ગામે ૧૦૦% વેક્સિનેશન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

વડિયા, તા.૬

કોરોની સંભવિત ત્રીજી લહેરને રોકવા માટે દેશ અને રાજ્યમાં ખુબ મોટા પ્રમાણમાં વેક્સિન જુમ્બેશ ચલાવવામાં આવી છે. ત્યારે ગ્રામીણ વિસ્તારમાં પણ લોક જાગૃતિ લાવવા સામાજિક સંસ્થાઓ, કર્મચારીઓ અને આગેવાનો દ્વારા જહેમત ઉઠાવી પોતાના ગામના લોકોને વેક્સિન આપી કોરોનાથી બચાવવા કામગીરી કરવામાં આવી રહી છે. વડિયા તાલુકાના ઢૂંઢિયા પીપળીયા ગામના સરપંચ લાલાભાઈ વાવલિયા, તાલુકા પંચાયત સદસ્ય ગજેન્દ્ર પટોળીયા, બીચ્છુંભાઈ બસીયા, આરોગ્ય વિભાગના અનિરુદ્ધસિંહ, રંજનબેન અને નરેશભાઈ દ્વારા રાત્રી વેક્સિનેશન કેમ્પ યોજીને આગેવાનો, શિક્ષકો અને જાગૃત લોકોની મદદથી ગામને ૧૦૦% વેક્સિન આપી ગામના લોકોને કોરોના સામે લાડવા સક્ષમ બનવ્યા છે.(૭.૧૩)

## SGVP દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયમાં શિક્ષક દિન ઉજવણી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ તા. ૬

બાળકોને ઉત્તમ શિક્ષણ આપી ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે જેણે નામના મેળવી છે એવા સર્વપલ્લી રાધાકૃષ્ણનો જન્મ દિન તા.૫ સપ્ટેમ્બર ભારતમાં શિક્ષક દિન તરીકે ઉજવાય છે. વિદ્યાર્થીઓ શાળાના શિક્ષકની તથા પ્યુનથી માંડીને પ્રિન્સીપાલ સુધીની તમામ જવાબદારી સંભાળી શિક્ષક તરીકેનો લ્હાવો અને અનુભવ લેતા હોય છે. ત્યારે રોજ SGVP દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયમાં વેદથી માંડીને શાસ્ત્રી- આચાર્ય કક્ષા સુધીના ઋષિકુમારો અને વિદ્યાર્થી સંતોએ શિક્ષક તરીકેની જવાબદારી સંભાળી હતી. શિક્ષકદિનમાં ભાગ લેનાર તમામ ઋષિકુમારો અને વિદ્યાર્થી સંતોને શાળા તરફથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. (૭.૧૩)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)

વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com

એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

**સોનલ કેટરર્સ**

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ

બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.

૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ

સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮



લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.

સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.

Packed & Marketed by

NYARI CORPORATION

Mo. : 96014 66409

www.nyaricorporation.com

E-mail - info@nyaricorporation.com



ગોપિ આવે છે. તમારા ઘેર....

ગોપિ ચા

હંમેશા લ્હેજતદાર અને સ્વાદીષ્ટ


**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**

મો.9429787729

email:-saurashtrakranti@gmail.com

### રાજકોટ જીવનનગર ગણપતિ મહોત્સવ સમિતિ ઉપક્રમે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

# રાજકોટ 'જીવનનગર કા વિઘ્નહર્તા' મહોત્સવની ઉજવણી થશે





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

જીવનનગર વિકાસ સમિતિ, ગણપતિ મહોત્સવ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, રામેશ્વર મહાદેવ મંદિર સમિતિ અને મહિલા સત્સંગ મંડળના સંયુક ઉપક્રમે પ્રતિ વર્ષની જેમ ગણપતિ મહોત્સવ આગામી તા.૧૦ થી તા. ૧૯ મી સુધી અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોથી ઉજવણી કરવામાં આવશે. દરરોજ સવાર-સાંજ પૂજન, અર્ચન, પૂજાવિધિ, પ્રદક્ષિણા, દિપમાલા, મહાઆરતી સાથે પ્રસાદનું વિતરણ કરવામાં આવે છે. ગણપતિ મહોત્સવના આયોજનમાં અલ્કાબેન પંડયા, સુનિતાબેન વ્યાસ, શોભનાબેન ભાણવડીયા, ભારતીબેન ગંગદેવ, યોગીતાબેન જોબનપુત્રા, જયોતિબેન પુજારા, હર્ષાબેન પંડયા, આશાબેન મજેઠીયાની દેખરેખમાં તમામ ધાર્મિક ઉજવણી કરવામાં આવે છે. હિનાબેન, હિમાબેન ભટ્ટ, અલ્પાબેન, વંદનાબેન, રશ્મિબેન, ભાવનાબેન, બીનાબેન, જીજ્ઞાબેન, બંસીબેન, અર્ચનાબેન સહિત ચાર સોસાયટીના બહેનો સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.(૧.૧૬)

### રાજકોટ સ્વામિનારાયણ ગુરૂકુલ અટલ લેબ દ્વારા

# ગુરૂકુલ વિદ્યાર્થી નમ્ર બાંભરોલીયા અને માસૂમ સ્કૂલના દીપ ભુંડીયાનો પ્રોજેકટ અટલ મેરેથોનમાં પસંદગી





## બાળકોનું કિડનેપિંગ અટકાવવા માટે ડિઝાઈન કરેલ પ્રોજેકટ રાષ્ટ્રીય કક્ષાએ રાજકોટને ચમકાવશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

રાજકોટની પ્રતિષ્ઠિત સ્વામિનારાયણ ગુરૂકુલ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને નવીનતમ શિક્ષણ સાથે વિજ્ઞાનના ક્ષેત્રમાં પણ રૂચી કેળવાય અને તેમની કલ્પનાઓને આકાર મળી શકે તે માટે પાયાનું શિક્ષણ આપવામાં આવે છે. દીપ ભુંડીયા અને નમ્ર બાંભરોલીયા દ્વારા તૈયાર થયેલા પ્રોજેક્ટ સિક્યુરિટી સિસ્ટમ ફોર પ્રોટેક્શન અટલ મેરેથોનમાં ટોપ ટેનમાં પસંદગી પામ્યો. બાળકોનું કિડનેપિંગ અટકાવવા માટે ડિઝાઈન કરવામાં આવેલ સાયન્સ પ્રોજેક્ટ રાષ્ટ્રીય કક્ષાએ અટલ મેરેથોન ૨૦૨૦ માં રાજકોટને ચમકાવશે. સમગ્ર વિશ્વમાં મેટ્રો સિટીમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ જેવી કે ભિક્ષાવૃત્તિ, દેહ વ્યાપાર અને અંગોની તસ્કરી જેવા કાર્યો માટે બાળકોનું કિડનેપિંગ કરવામાં આવે છે અને આ કિડનેપિંગ થયાના થોડા જ સમયમાં જો તેમને પકડી શકાય તો બાળકોને બચાવી શકાય છે, નહીં તો કિડનેપિંગ અટકાવી શકાતું નથી. દીપ અને નમ્ર દ્વારા તૈયાર થયેલા સિસ્ટમ બાળકોનું કિડનેપિંગ થતાની ક્ષણોમાં જ માતા પિતાને અને યોગ્ય ઓથોરિટીને એલાર્મ તેમજ જખજ દ્વારા એલર્ટ મેસેજ આવશે જેથી કિડનેપિંગ અટકાવી શકાશે.

પ્રસ્તુત પ્રોજેક્ટ રેડિયો ફ્રિકવન્સી આધારિત કાર્ય કરે છે. તેમાં બે યુનિટ હોય છે. ૧). ચાઈલ્ડ યુનિટ (ટ્રાન્સમીટર) જે નાના બાળકોને બેલ્ટ સ્વરૂપે પહેરવાનું હોય છે અને ૨.) હોમ યુનિટ (રીસીવર) જે ઘરે અથવા માતા-પિતા પાસે રહે છે. જ્યારે બાળક રીસીવર યુનિટની રેન્જમાંથી બહાર જાય છે ત્યારે તરત જ એલાર્મ વાગે છે અને પેરેંટલ મોબાઈલમાં એલર્ટ મેસેજ મળે છે. ત્યારબાદ તેના આધારે બાળકના યુનિટને ટ્રેકીંગ કરી શકાય છે.

આ સંપૂર્ણ પ્રોજેક્ટ સર્કિટ જોડાણ પ્રોગ્રામિંગ તેમજ મોડેલ ડિઝાઈનિંગ વિજ્ઞાન શિક્ષક એચ. પી. ભૂંડિયાના માર્ગદર્શન હેઠળ ગુરૂકુલની અટલ ટીકરીંગ લેબ માં કરવામાં આવ્યું છે. દીપ અને નમ્રના એક નવીનતમ વિચારને રાષ્ટ્રીય કક્ષાએ રજૂ કરવા માટેની તક મળેલ છે તે બદલ પૂ.જનમંગલદાસજી સ્વામી, પ્રિન્સીપાલ દવે તથા સમગ્ર શાળા પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.(૭.૧)

# રાજકોટઃ શાળા નં.૯૩ ના આચાર્ય વનિતા રાઠોડ રાષ્ટ્રીય પારિતોષિક એવોર્ડથી સન્માનિત





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ સંચાલિત પે.સેન્ટર શાળા નંબર ૯૩નાં આચાર્ય વનિતાબેન રાઠોડ ને વર્ષ ૨૦૨૧માં રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા. કોરોના મહામારીના કારણે આ વર્ષે રાષ્ટ્રપતિના હસ્તે વર્ચ્યુઅલ કાર્યક્રમ દ્વારા રાષ્ટ્રના ૪૪ શ્રેષ્ઠ શિક્ષકોને સન્મનિત કરવામાં આવ્યા. દેશભરમાંથી પસંદ કરાયેલા ૪૪ શ્રેષ્ઠ શિક્ષકોમાં રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નંબર ૯૩ નાં આચાર્ય વનિતાબેન રાઠોડની પસંદગી કરવામાં આવી હતી.

તેમજ પ્રમાણપત્ર તથા સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યું. mhrd મિનિસ્ટર ધર્મેન્દ્ર પ્રધાનની હાજરીમાં તથા રાષ્ટ્રપતિ રામનાથ કોવિડના વરદ હસ્તે તેઓએ કરેલી વિશિષ્ટ કામગીરીની વિડીયોગ્રાફી પણ દેશભરમાં પ્રસારિત કરવામાં આવી. વનિતાબેન રાઠોડ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે સતત થયેલા નવતર પ્રયોગો, બાળકોના આરોગ્ય માટે લીધેલ કાળજી તથા વનિતાબેન દ્વારા પર્યાવરણ જાળવણી માવજત કન્યા કેળવણી માટે તથા બાળકોના અભિનય કળા, ખેલ કૂદ, શાળા સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ તથા દાતાની મદદથી તેમણે કરેલી શાળાના ભૌતિક સુવિધાઓના વિકાસની કામગીરીને લઇને ધ્યાનમાં લઈને તેમની કામગીરીને રાષ્ટ્રીય કક્ષાએ સરાહવામાં આવી. ગાંધીનગર ખાતે શિક્ષણ વિભાગના વિવિધ અધિકારીઓની હાજરીમાં રાષ્ટ્રીય પારિતોષિક પ્રાપ્ત કરવા બદલ વનીતાબેન રાઠોડનું સન્માન કરવામાં આવ્યું.

ગુજરાતના ગૌરવ સમાન વનિતાબેન રાઠોડને શિક્ષણ જગત તરફથી શિક્ષણ પરિવારના વિવિધ સભ્યો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ વિવિધ સદસ્યો, શાળાના શિક્ષકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. રાજકોટનાં તમામ શિક્ષકો દ્વારા ખુશી અને ગર્વની લાગણી વ્યક્ત કરવામાં આવી છે.(૧૦.૧૬)

# સાલપીપળીયાઃ આરોગ્ય કેન્દ્રનું ખાત મુહુર્ત કરતા જિ.પં. કારોબારી અધ્યક્ષ



**આરોગ્ય કેન્દ્રના નિર્માણથી સાલપીપળીયા સહિત 30 ગામોને લાભ મળશે**

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

પડધરી, તા.૬

પડધરી તાલુકાના સાલપીપળીયા ગામે ગત શનિવારના રોજ નવા અધ્યક્ષ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બિલ્ડીંગનું ખાતમુહુર્ત જિલ્લા પંચાયત કારોબારી સમિતિનાં અધ્યક્ષ સહદેવસિંહ જાડેજાનાં હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે માજી ધારસભ્ય બાવાનજીભાઈ મેતલીયા, જિલ્લા ભાજપ અગ્રણી મનોજભાઈ અકબરી, જીલ્લા પંચાયતનાં મહિલા સભ્ય સુમાબેન લુણાગરીયા, મહેશભાઈ અકબરી, અજીત ડોડીયા, મુકેશ મુંગળપરા, રોહિત ચાવડા, મનસુખ રંગાણી, પ્રવિણભાઈ હેરમા, હકુભા જાડેજા, છગનભાઈ વારજડીયા, નરશીભાઈ તાલપરા અને મનોજભાઈ પનારા સહિતનાં ભાજપ અગ્રણી અને ગ્રામ્ય પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

માજી. ધારાસભ્યએ જણાવ્યું હતું કે, પી.એચ.સી નાં અધ્યક્ષ બિલ્ડીંગ કે જે ૧ કરોડનાં ખર્ચે થનાર છે અને તેનાથી સાલપીપળીયા સહિત આજુબાજુનાં ૨૮ થી 30 ગામોને આ આરોગ્ય કેન્દ્રનો લાભ મળશે અને કારોબારી અધ્યક્ષને અભિનંદન પાઠવેલ. તદુપરાંત સાલપીપળીયા તાલુકા પંચાયતનાં સદસ્ય ભયલુભાને તેના કાર્ય માટે બિરદાવેલ. આ પ્રસંગે જિલ્લાના આરોગ્ય અધિકારી અને તાલુકા હેલ્થ ઓફિસર અને તેમના સ્ટાફે હાજર રહી આરોગ્ય કેન્દ્રમાં મળનાર આરોગ્ય સુવિધાથી લોકોને માહિતગાર કર્યા હતા.(૧૫.૧૨)

# સૌરાષ્ટ્ર-કચ્છના ચકચારી નિખિલ દોંગાને ભુજ હોસ્પિટલમાંથી ભગાડવામાં મદદગારી કરનાર વધુ બે આરોપીઓનો જામીન પર છુટકારો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

સૌરાષ્ટ્ર-કચ્છમાં ચકચાર જાગેલ તે નામાંકીત અને ગોંડલના ગુજસીટોકના આરોપી નિખિલ ઉર્ફે નિકુંજ રમેશભાઈ દોંગાને ભુજ જેલમાંથી સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ જયાંથી તે ભાગી ગયેલ. નિખિલ દોંગાને પોલીસ જામા હેઠળથી ભગાડવામાં મદદગારી કરનાર નિકુંજ તુલસીભાઈ દોંગા તથા વિજય વિઠલભાઈ સાંગાણીને ગુજરાત હાઈકોર્ટે જામીન ઉપર મુક્ત કરતો હુકમ ફરમાવેલ છે.

બનાવની હકીક્ત જોઈએ તો ખુનના ગુન્હામાં ગોંડલ જેલ હવાલે રહેલ નિખિલ દોંગા વિરૂધ્ધ ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરી તેને ભુજ જેલમાં મોકલવામાં આવેલ. જે ભુજની પાલારા જેલમાંથી સારવાર અર્થે નિખિલને જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવેલ અને તા. ૨૫/૩ થી તા. ૨૯/ધ૩/૨૦૨૧ સુધી સારવાર લીધેલ બાદ રાત્રીના ભરત નામના વ્યકિત તથા અજાણ્યા વ્યકિતની મદદગારીથી પોલીસ જામામાં રહેલ.ધ

ભુજ હોસ્પિટલમાંથી ફોરવ્હીલ કારમાં સવાર થઈ નિખિલ દોંગા નાશી જતા પુરા ગુજરાતમાં ચકચાર જાગેલ જે ગુન્હાની ફરીયાદ ભુજમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ સામે રહેતા સહદેવસિંહ માવસંગભા ચૌહાણે ભુજ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નિખિલ બેંગા સહીતનાનો વિરૂધ્ધ તા. ૨૯/૩ ના ગુન્હો દાખલ કરાવેલ.

આ કેસમાં જામીન મુક્ત થવા રાજકોટના રહીશ નિકુંજ તુલસીભાઈ દોંગા તથા માધાપર કચ્છના રહીશ વિજય વિઠલભાઈ સાંગાણીએ કરેલ જામીન અરજી ભુજની સેશન્સ અદાલતે રદ કરતા તેની સામે હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. તમામ હકીક્તો નજર અંદાજે લઈ અરજદારોને જામીન ઉપર મુક્ત મુનાસીફ માની ગુજરાત હાઈકોર્ટ દ્વારા અરજદાર અરજદારો નિકુંજ દોંગા તથા વિજય સાંગાણીને રેગ્યુલ જામીન પર મુકત કરતો હુકમ ફરમાવવામાં આવેલ. ઉપરોકત કામમાં અરજદારો નિકુંજ દોંગા તથા વિજય સાંગાણી વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુજના એડવોકેટ આર.એસ. ગઢવી, હાઈકોર્ટના એડવોકેટ પ્રતિક જસાણી તેમજ સુરેશ ફળદુ એશોશીયેટસના ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા રોકાયેલ હતા.(૧.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## ગુજરાતના મેચ સટ્ટાખોરીનું નેટવર્ક દુબઈ ખસેડાતા પોલીસ અવાચક

ભાડે ખાતું લેનારને રૂ. ૨૨૫૦૦ અપાય છે. એજન્ટોને માસિક રૂ.૫૦ હજાર મળતા હોય છે. ક્રિકેટના સટ્ટામાં ઓનલાઈન સોદા કરવા માટે સોફ્ટવેર પણ અલગ-અલગ નામે બનાવવામાં આવ્યા છે. જેમાં મોટા બુકીઓ કરોડોની લિમીટ સાથે પાંચ જણાને ઈન્સ્ટોલ કરી આપે છે. આ પાંચ જણા અન્ય લોકોને બેંકમાં નાણા જમા કરાવી લિમીટ આપે છે. આ રીતે આખું નેટવર્ક ચાલતું રહે છે. દરરોજ એક બુકી આવા ૨૦ બેંક ખાતાનો ઉપયોગ કરતા હોય છે. જાણકાર સુત્રો કહે છે કે પોલીસની હફ્તાખોરી તથા લુખ્ખાઓના ત્રાસથી કંટાળીને બુકીઓ દુબઈ ચાલ્યા ગયા છે. ગુજરાત બહારની પોલીસએ તો કાર્યવાહી પણ શરૂ કરી દીધી છે. બેંગ્લોર, કલકતા વગેરે શહેરોમાં આવા ૧૨ થી વધુ બેંક ખાતા પોલીસએ સીલ કરી લીધા છે.(૨.૧૨)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## મનપાના આવાસોમાં ઘુસી ગયેલા કબજે દારો પર લેન્ડગ્રેબીંગનો દંડો ઉગામાશે

જકાત નાકા પાછળ આવેલ કુવાડવા રોડ પરની બીએસવીપી-૨ આવાસ યોજનાની મુલાકાત લીધી હતી. આ આવાસની ફાળવણી થઇ ન હોવાથી ગેરકાયદે તેમાં અનેક પરીવારો ધુસી ગયા છે. ચકાસણી દરમ્યાન મ્યુ.કમિશનરના ધ્યાનમાં આવતા તેઓ ચોકી ઉઠયા હતા અને આ તમામ ગેરકાયદે કબજો ધરાવનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરે સુચના આપી હતી. ખાલી રહેલી તમામ આવાસ યોજનાઓમાં ગેરકાયદે કબ્જો કરનાર તત્વો સામે લેન્ડગ્રેબીંગ કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવા અને આરએમસી હસ્તકની આવાસ યોજનાઓમાં ખાલી રહેલા આવાસોની ચકાસણી ઝુંબેશ હાથ ધરવા મ્યુ.કમિશનર અરોરાએ આદેશ આપ્યો છે. એટલુ જ નહીં મનપાની તમામ આવાસ યોજનાઓમાં સ્વચ્છતા જાળવવાના પગલા પણ લેવા ટકોર કરી હતી. મહાનગર પાલિકા દ્વારા બનતી આવાસ યોજનાઓ લોકોને ઘરનું ઘર મળી રહે એ માટે તૈયાર કરવામાં આવે છે અને જરૂરીયાતવાળા લાભાર્થીઓને આવાસની ફાળવણી કરવામાં આવે છે. પરંતુ તૈયાર આવાસોમાં ખાલી જોઇને ધુસી જતા તત્વો તેના પર ગેરકાયદે કબ્જો જમાવીને બેસી રહે છે અને યોજનાનું ગેરલાભ ઉઠાવી ખાલી મકાનો પચાવી પાડે છે. આવાસોમાંથી ગેરકાયદે તત્વોને હાંકી કાઢવા અને કડક પગલા લેવા મ્યુ.કમિશનરે આદેશ આપતા મનપા તંત્ર હવે હરકતમાં આવ્યું છે. ગેરકાયદે આસામીઓને હાંકી કાઢવા માટે ટુંક સમયમાં જોરદાર ઝુંબેશ શરૂ કરવામાં આવશે. આ મુલાકાત દરમ્યાન મ્યુ.કમિશનરની સાથે નાયબ મ્યુ.કમિશનર એ.આર.સિંહ, ઇન્ચાર્જ આવાસ યોજનાના સીટી એન્જી. એસ.બી.છૈયા, પર્યાવરણ ઇજનેર નિલેષ પરમાર, પીએ(ટેક) ટુ કમિશનર રસીક રૈયાણી, ડે.એન્જી. પી.ટી. પટેલ, આસી. મેનેજર કૌશીક ઉનાવા અને નાયબ પર્યાવરણ ઇજનેર દિગવિજયસિંહ તુવર ખાસ ઉપસ્થિત રહયા હતા.

## ગર્વનર હોય કે મુખ્યમંત્રી કે મર્સીડીઝમાં આવનારા, અમારી સરકારે દરેકને રસી આપી છેઃ નીતિન પટેલ

દરેક વર્ગોને આરોગ્ય સવલતો અપાઇ હોવાનું નિર્દેશ કરતા જણાવ્યું હતું કે, રાજયના ગર્વનર હોય કે મુખ્યમંત્રી યા મર્સીડીઝમાં બેસીને આરોગ્ય કેન્દ્ર આવ્યા હોય તમામ વર્ગોને રાજય સરકારે વેક્સિન આપી છે. ગાંધીનગરમાં નર્સીંગ ભરતીના ખાસ કાર્યક્રમમાં બોલતા કોવિડની પરિસ્થિતિ ન હોતી ત્યારે કોઇને રાજય સરકારની સેવાની જરૂર પડી ન હતી પણ કોરોના આવ્યા બાદ દરેકને આરોગ્ય વિભાગની સેવાઓ લેવી પડી છે. ગર્વનર દેવવ્રતજી હોય કે મુખ્યમંત્રી વિજય રૂપાણી દરેકે કોવિડ વેક્સિનની મદદ લીધી છે. મને અને મુખ્યમંત્રીને પણ કોરોના થઇ ગયો હતો અને અમારે પણ સારવાર લેવી પડી હતી અને રસી લીધી હતી.

## રૂ.૧ હજાર કરોડની વતન પ્રેમ યોજના જાહેર કરતી રૂપાણી સરકાર

પાણીના ટાંકાના નિર્માણમાં રોકાણ કરી શકશે તેમ સરકાર યાદી જણાવે છે. મુખ્યમંત્રીએ બેઠકમાં એવી આશા દર્શાવી હતી કે, ગુજરાતનાં દાતાઓના સહયોગથી રાજય સરકાર પ્રજા કલ્યાણના વિવિધ પ્રોજેકટ અમલી બનાવી શકશે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોમાં શાળાઓના વધુ વર્ગો બનાવવા પર ભાર મુકવામાં આવે એ જરૂરી છે. કેટલા વર્ગ ખંડોની જરૂર છે તેની માહિતી વતન પ્રેમ યોજનાના વેબ પોર્ટલ પર મુકવામાં આવશે. યોજનાઓના અસર કારક અમલી કરણ માટે તેમજ ચુકવણા માટે અલગ બેંક ખાતાઓની યોજના સહિતની વિગતોને આખરી રૂપ આપવામાં આવ્યું હતું. કોઇપણ ફરીયાદ કે પ્રશ્નના નિરાકરણ માટે ૨૪ કલાકનું કોલ સેન્ટર પણ ઉભુ કરવામાં આવનાર છે. વતન પ્રેમ યોજના ગર્વનીંગ બોર્ડના ચેરમેન તરીકે મુખ્યમંત્રી ખુદ રહેશે. અન્ય મંત્રીઓ, અધિકારીઓ અને એનઆરઆઇ ગુજરાતી ફાઉન્ડેસનના અધ્યક્ષ સભ્ય તરીકે રહેશે.(૨.૧૧)

## સુરત, વડોદરા, નસવાડીમાં શ્રાવણના છેલ્લા દિવસે ભારે વરસાદ

ઠપ્પ થઇ ગયો હતો. પહેલા જ વરસાદમાં તંત્રની પોલ ખુલી ગઇ હતી. અંડરબ્રિજમાં પણ પાણી ભરાય ગયા હતા. દક્ષિણ ગુજરાતમાં અન્યત્ર પણ ગાજવિજ સાથે ભારે વરસાદ તુટી પડયા હોવાનો અહેવાલ છે. લાંબા સમયનાં વિરામ બાદ અચાનક વરસાદ શરૂ થતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાય ગયા હતા. સૌરાષ્ટ્રમાં આગામી બે-ત્રણ દિવસમાં વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. આજે રાજકોટ સહિતનાં વિસ્તારોમાં વાદળછાંયુ વાતાવરણ જોવા મળ્યું હતું પણ વરસાદની આશા ફળીભુત થઇ નથી. લોકો કાગના ડોળે વરસાદની રાહ જોઇ રહયા છે. દક્ષિણ ગુજરાતમાં મેઘ મહેર ચાલુ થતાં ખેડૂતો ખુશખુશાલ થઇ ગયા છે.(૨.૧૧)

## અફઘાનિસ્તાનમાં સુરત કાપડ ઉદ્યોગના રૂ.૪ હજાર કરોડ ફસાયા

અટકી પડી છે અને બાકી નિકળતી રકમ પણ કયારે મળે એ નક્કી નથી. ફેડ્રેશને તમામ આયત-નિકાસકારોને કોઇ પગલુ ભરતા પહેલા રાહ જોવાની સલાહ આપી છે. કેમ કે, છેલ્લા એક અઠવાડીયામાં ડોલરની સામે રૂપિયામાં પણ જબરો ઘસારો થયો છે. જેનાથી નિકાસકારોને તો ફાયદો થાય પણ આયાતકારોને મોટુ નુકશાન થઇ શકે છે. અત્યારે અફઘાનિસ્તાનની મુખ્ય બેંક સ્થાનિક બેંકોને પુરતા પ્રમાણમાં ડોલર આપવાની નથી આ થી ત્યાંના વેપારીઓ નિકાસકારોને ચુકવવાની સ્થિતિમાં નથી.

# રાષ્ટ્રીય શિક્ષક દિન નિમિતે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી શિક્ષકોનું સન્માન કરતા મંત્રી જયેશ રાદડીયા



**શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ મેળવતા શિક્ષકોને અભિનંદન પાઠવતા મેયર પ્રદીપ ડવ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

રાષ્ટ્રીય શિક્ષક દિન નિમિત્તે મંત્રી જયેશભાઇ રાદડિયાએ રાજકોટ ખાતે વિવિધ કક્ષામાં શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રાદડિયાએ જણાવ્યું હતુંકે, ચારિત્ર્યવાન નાગરિકોનું નિર્માણ કરતા શિક્ષકો અભિનંદનના અધિકારી છે. વિદ્યાર્થીઓની કારકિર્દીને યોગ્ય દિશાદર્શન કરાવતા શિક્ષકો આડકતરી રીતે રાષ્ટ્રની પ્રગતિનો પંથ નિર્માણ કરે છે. મૂલ્યનિષ્ઠ સમાજનું નિર્માણ કરવામાં શિક્ષકોનું બહુમૂલ્ય પ્રદાન છે. રાજ્ય સરકાર દ્વારા ચલાવાઈ રહેલા શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ કાર્યક્રમની અસરકારકતા રજૂ કરતાં મંત્રી રાદડિયાએ સમગ્ર રાજ્યમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો હોવાનું પણ જણાવ્યું હતું. અને પોતાના બાલ્યાવસ્થાના શિક્ષણના સંસ્મરણો તાજા કર્યા હતા. મેયર પ્રદીપ ડવે પ્રાસંગિક પ્રવચનમાં ભાવિ પેઢીના ચારિત્ર્યનું નિર્માણ કરતા શિક્ષકોનો ઋણ સ્વીકાર કર્યો હતો, અને શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ મેળવતા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ ડાભી શિલ્પાબેન, હીરાણી ભાવેશ્રીબેન અને રામાણી આશિષભાઈને આમંત્રિતોએ એનાયત કર્યા હતા. તેજસ્વી વિદ્યાર્થીઓનું પણ આમંત્રિતોએ સન્માન કર્યું હતું. આ પ્રસંગે એવોર્ડ વિનર શિક્ષકોએ તેમના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા,જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ, જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન અતુલ પંડિત, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડી.આર.સરડવા, અગ્રણી વિનુભાઈ ધવા તથા સુરેન્દ્રસિંહ વાળા ઉપસ્થિત રહ્યા હતા.(૭.૧૬)

# વૃક્ષારોપણ કરી, ઔષધિ, ફળ અને શાકભાજીના રોપાનું વિતરણ કરી જન્મદિવસ ઉજવશે




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

યુવા એન્વાયરમેન્ટ એન્જીનીયર આદિત્ય શાહ (સૃષ્ટી એન્વાયરમેન્ટ કન્સલન્સી) નો આજે જન્મદિવસ છે. તેઓ જૈન અગ્રણી હરિશભાઇ શાહ અને રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર શિલ્પાબેન શાહના પુત્ર છે. તેઓ જન્મદિવસને યાદગાર બનાવવા આજે સાંજે ૫ કલાકે, રાજકોટનાં ચૌધરી હાઇસ્કુલ ખાતે વૃક્ષારોપણ કરશે સાથોસાથ ઉપસ્થિત સહુને ઔષધિ, ફળ અને શાકભાજીના રોપાનું વિતરણ કરશે. સતત ચાર વર્ષથી સેવાકીય પ્રવૃત્તિ સાથે જન્મદિન ઉજવે છે. ગત વર્ષોમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરી નોંધપાત્ર રક્ત જમા કરાવેલ હતું. જન્મદિવસની મો. ૭૬૭૬૧૮૮૮૮ ઉપર તેમને શુભેચ્છા મળી રહી છે.(૭.૧૬)

# વડિયા પોસ્ટ ઓફિસમાં કોમ્પ્યુટર ખરાબ થતા કામગીરી બંધ, ગ્રાહકો પરેશાન

**બંધ હાલતમાં પડેલા કોમ્પ્યુટર કયારે રિપેરીંગ થશે?**





**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

વડિયા, તા.૬

વડિયા અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાની પોસ્ટ ઓફિસ પોતાના પુરાતન બિલ્ડીંગ બાબતે અનેક વાર સમાચાર પત્રોના જોવા મળી છે આ પ્રશ્ન હજુ પૂર્ણ થયો નથી ત્યાં આ મુખ્ય પોસ્ટ ઓફિસમાં રહેલા કમ્પ્યુટરમાં ખામી આવતા હાલ કમ્પ્યુટર બંધ હાલતમાં છે જેના ઉપયોગથી ઓનલાઇન સુવિધાઓ જેવી કે રજીસ્ટર એડી. સ્પીડ પોસ્ટ કરવામાં આવે છે. પરંતુ કમ્પ્યુટરની ખરાબીના કારણે અમરેલી હેડ પોસ્ટમાં જાણ કરવા છતાં કોઈ એજન્સી કે કારીગર તેને રીપેર કરવાના આવતા છેલ્લા આઠ દિવસથી તાલુકા મથકની પોસ્ટ ઓફિસમાં આ સુવિધાઓ બંધ થઇ છે. અને ગ્રાહકોની સાથે સરકારી કચેરીઓની ટપાલો પણ પરત મોકલવામાં આવી રહી છે. અંધેરી નગરી અને ગંડુ રાજા જેવી સ્થિતિ પોસ્ટ વિભાગની બનતી હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ગુજરાતના સાંસદ જો કેન્દ્રીય સંસાર મંત્રી હોય અને વિકસિત ગણાતા ગુજરાત મોડેલની જ પોસ્ટ ઓફિસના બિલ્ડીંગ અને કામગીરીની આવી સ્થિતિ હોય તો અમરેલી સંસદ દ્વારા આ બાબતે યોગ્ય રસ દાખવી ઉપસ્થિતિ થતા આવા પ્રશ્નોનુ નિરાકરણ લાવવું જરૂરી બને છે.તેવું લોકો જણાવી રહ્યા છે.(૭.૧)

# અવસાન નોંધ

**રાજકોટઃ** સ્વ.ઈલાબેન નરેશભાઈ વાઢેરનું તા.૩ ને શુક્રવારે અવસાન થયું છે. બેસણું તા.૬ ને સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે ઉદ્યોગનગર કોલોની કર્વા. નં.૧૩૧, ગોંડલ રોડ ખાતે રાખેલ છે. મો.૭૦૯૬૩૮૭૦૭૭, ૯૭૨૩૩૧૬૯૭૪

# તમામ સાંસ્કૃતિક કાર્યક્રમો ઓનલાઈન નિહાળી શકાશે

# રાજકોટના 'ત્રિકોણબાગ કા રાજા' ગણપતિ મહોત્સવનો શુક્રવારથી પ્રારંભ

## ૨૨ માં વર્ષે ગજાનન ઉપાસક જીમ્મી અડવાણીનું બેનમુન આયોજન



### મંગલમૂર્તિ મહોત્સવના ૧૦ દિવસ દરમ્યાન સામાજિક સદ્‌ભાવનાના દર્શન કરાવતા ધર્મ અને સંસ્કૃતિ કાર્યક્રમોની હારમાળા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬

ત્રિકોણબાગ કા રાજા ગણપતિ મહોત્સવનો આગામી તા.૧૦ ને શુક્રવારથી શહેરનાં ત્રિકોણબાગ ખાતે કોવિડ- ૧૯ ગાઈડલાઈનની સંપૂર્ણ શિસ્ત સાથે આરક્ષિત વિશાલ સુશોભિત પરિસરમાં મંગલ પ્રારંભ થશે. પ્રથમ દિવસે સવારે ૧૦:૩૦ વાગ્યે ત્રિકોણબાગ ચોક ખાતેનાં પંડાલમાં પ્રસ્થાપિત થનાર ગણેશજીની મૂર્તિ અજાણતા-ઈલોરાની શિલ્પકલા કૃતીની ઝાંખી કરાવે એવી ઈલે-ટ્રેન્ડલી મનમોહક મૂર્તિ અનુપમ અને ભાવવાહી છે. ત્રિકોણબાગ કા રાજા ભવ્ય રાજમહેલનાં દ્વારે પ્રસન્ન મુદ્રામાં બેઠેલા દ્રશ્યમાન થશે. ગણપતિનું આ દિવ્ય દર્શન ભાવિકોને સુખદ અનુભૂતિ કરાવશે. આ મહાકાય મૂર્તિને હિરા-મોટી અને વસ્ત્રાલંકારોથી શણગારીને રંગબેરંગી રોશનીમાં ઝળહળશે. ગણપતિનું આવું અલભ્ય દર્શન ગુજરાતમાં ક્યાંય જોવા નહીં મળે.

ભૂદેવો દ્વારા વૈદિક મંત્રોચાર સાથે પ્રસ્થાપિત થનાર આ વંદનીય અને દર્શનીય મૂર્તિની ગણપતિ મહોત્સવનાં ૧૦ દિવસ દરમ્યાન દરરોજ સવાર-સાંજ તમામ ધર્મ, સંપ્રદાયનાં સન્માનીય સંતો, સામાજિક અને રાજકીય પક્ષનાં આગેવાનો, વિવિધ ક્ષેત્રોનાં મહાનુભાવો તથા ભાવિકજનોને સમુદાય દરરોજ એક મંચ ઉપર પંડિતો દ્વારા લાઈવ પૂજા-આરતી કરશે.

ત્રિકોણબાગ કા રાજા ગણપતિ મહોત્સવ ૨૦૨૧ નાં સમગ્ર આયોજનને સફળ બનાવવા સાર્વજનિક ગણેશ પાટડિયા, સંજય રાંક, નિલેશ ચૌહાણ, અભિષેક કણસાગરા, બીપીનભાઈ મકવાણા, ભરત રેલવાણી, દિલીપ પાંધી, ધવલ કાચા, ધવલ અડવાણી, વંદન ટાંક, કમલેશભાઈ, રાજન દેસાણી, ભરત મકવાણા, નાગજીભાઈ બાંભર, પ્રકાશ જીંજુવાડીયા, હર્ષ રાણપરા, હાર્દિક વિઠ્ઠલાણી, કિસન સિધ્ધપુરા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.(૧.૧૨)

### ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનો રસથાળ

- તા.૧૧ ને શનિવારે ભવ્ય હાસ્ય દરબાર
- તા.૧૨ ને રવિવારે મહારકતદાન શિબિર, મેજીકલ મ્યુઝિક નાઈટ
- તા.૧૩ ને સોમવારે શિવ આરાધનનો કાર્યક્રમ
- તા.૧૪ ને મંગળવારે કસુંબીનો રંગ કાર્યક્રમ
- તા.૧૫ ને બુધવારે કલાકારોનો લોકડાયરો
- તા.૧૬ ને ગુરૂવારે શ્રીનાથજી સત્સંગ
- તા.૧૭ ને શુક્રવારે સંગીતમય ઓમકાર આરતી
- તા.૧૯ ને રવિવારે સવારે ૧૦-૩૦ વાગ્યે પૂર્ણાહુતિ પૂજન

### સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ફાર્મસી ભવન અને સી.સી.ડી.સીના સંયુક્ત ઉપક્રમે

# ફાર્મસીના વિદ્યાર્થીઓને જીપેટ પરીક્ષાની નિઃશુલ્ક તાલીમ માટે રેમેડીયલ કોચિંગનું આયોજન



### કેમેસ્ટ્રી ભવનન અધ્યક્ષે વિદ્યાર્થીઓને તાલીમનો રેગ્યુલર લાભ લઈ, નિત્ય અભ્યાસ કરી સફળતા મેળવવા અનુરોધ કર્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬

ફાર્મસી ભવન અને રેમેડિયલ કોચીંગ સેન્ટર સી.સી.ડી.સી. નાં સંયુકત ઉપક્રમે ફાર્મસીમાં અભ્યાસકર્તા છાત્રોને ગ્રેજયુએટ ફાર્મસી એપ્ટીટયૂડ ટેસ્ટ (જીપેટ) કે જે નેશનલ ટેસ્ટીંગ એજન્સી મારફત રાષ્ટ્રીયકક્ષાની પરીક્ષા યોજાય છે. તેની નિઃશુલ્ક તાલીમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે મળી રહે તે પ્રકારે તાલીમશાળાનું આયોજન કરાયું છે. આ તાલીમશાળાનાં ઉદ્‌ઘાટન સત્રમાં કેમેસ્ટ્રી ભવનનાં અધ્યક્ષ પ્રો. એચ.એચ.જોષી, સી.સી.ડી.સી.ના સંયોજક પ્રો. નિકેશ શાહ, ફાર્મસી ભવનનાં નવનિયુકત વડા ડો. સચિનભાઈ પરમાર, ફાર્મસી કોલેજનાં તજજ્ઞ ડો. રમેશભાઈ પરમાર, ફાર્મસી ભવનનાં કોર્ડીનેટર કુમારી રિદ્ધીસિદ્ધિ બેન અને ભાગ લેનાર છાત્રો ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે ડો. સચિનભાઈ પરમારે જીપેટ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરતા જણાવેલ કે પચાસ કલાકની આ નિઃશુલ્ક તાલીમમાં જુદા-જુદા વિષયો જેવા કે ફાર્માકોલોજી, ફાર્માસિટીકશ, ફામ સિટીકલ કેમેસ્ટ્રી, ઓર્ગેનિક કેમેસ્ટ્રી, બાયો કેમેસ્ટ્રી, બાયોટેકનોલોજી, માઈક્રો બાયોલોજી, કલીનીકલ ફાર્મસી, ફાર્માસ્યુટીકલ એનાલિસીસ વગેરે આયામોને નિષ્ણાંત માર્ગદર્શકો મારફત તાલીમ આપવામાં આવનાર છે. સી.સી.ડી.સી. નાં સંયોજક પ્રો. નિકેશ શાહે જણાવેલ કે અન્ય વિષયોમાં યોજાતી નેટ- સ્લેટ પરીક્ષા જેવી જ અતિ મહત્વની જીપેટ પરીક્ષાની તાલીમ દર વર્ષે ફાર્મસી ભવન મારફત યોજાય છે અને જેના ફળ સ્વરૂપ દર વર્ષે સારી સંખ્યામાં વિદ્યાર્થીઓ જીપેટમાં સફળતા મેળવે છે. તે અભિનંદનીય છે. કેમેસ્ટ્રી ભવનનાં અધ્યક્ષ પ્રો. એચ.એચ. જોષીએ વિદ્યાર્થીઓને તાલીમનો રેગ્યુલર લાભ લઈ અને નિત્ય અભ્યાસ કરી સફળતા મેળવવા અનુરોધ કરેલ હતો. કુમારી રિદ્ધીસિદ્ધિ બેન કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ કરેલ હતી. કાર્યક્રમને સફળ બનાવવા સી.સી.ડી.સી.નાં કર્મચારીઓ સર્વ સુમિતભાઈ મહેતા, ચિરાગભાઈ તલાટીયા, દિપ્તીબેન ભલાણી અને આશિષભાઈ કીડીયાએ જહેમત ઉઠાવેલ હતી.(૭.૧૨)

### પ્રકૃતિ વંદના કાર્યક્રમ અંતર્ગત

# વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજમાં વૃક્ષારોપણ અને વૃક્ષ પૂજન કરાયું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા હાલમાં ચાલી રહેલા રાષ્ટ્રીય સ્તરના પ્રકલ્પ પ્રકૃતિ વંદના અંતર્ગત વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજમાં વૃક્ષારોપણ તેમજ વૃક્ષ પૂજન થયું હતું. આ પ્રસંગે સ્ટાફ મિત્રો દ્વારા ૧-૧ વૃક્ષનું આરોપણ કર્યું હતું અને કુલ ૧૩૦થી પણ વધુ વૃક્ષોનું વાવેતર થયું હતું.આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સીપાલ ડો. જયેશભાઈ દેશકરે જણાવ્યું હતું કે, પ્રકૃતિ સાથેની આ સહ-અસ્તિત્વ એટલે કે, કો-એકઝીસટન્સની પ્રક્રિયા છે. પ્રકૃતિને વંદન કરી તેની સાથે તાલમેલ મિલાવવો તે સહ-અસ્તિત્વ છે કે જેનાથી આપણું અસ્તિત્વ પણ સારૂ બને અને પ્રકૃતિનું પણ જતન થતું રહે. આજે વિશ્વભરમાં જયારે ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણના પ્રશ્નો ખૂબ મોટા પાયે ગાજી રહ્યા છે, ત્યારે પ્રકૃતિ સાથેનો તાલમેલ બેસાડવા માટે માત્ર વૃક્ષારોપણ જ નહીં પરંતુ તેનો ઉછેર પણ આવશ્યક છે અને આ બાબતમાં વી.વી.પી. વર્ષોથી અગ્રેસર છે. દરેક સ્ટાફ મિત્રોએ ૧-૧ વૃક્ષ વાવ્યું છે અને તેને ઉછેરવાનો સંકલ્પ પણ કર્યો છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્ય ડો. જયેશભાઈ દેશકરના માર્ગદર્શન હેઠળ ડો. ધર્મેશભાઈ સુર, પ્રો. કેયુરભાઈ નાગેચા, નિલદિપભાઈ ભટ્ટી, મયુરભાઈ દેવમુરારી, દિપકભાઈ ચાવડા તેમજ સમર્ગ કર્મચારી ગણે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમની સફળતા માટે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી લલિતભાઈ મહેતા, ટ્રસ્ટીઓ કૌશીકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઇ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ દવેએ શુભેચ્છા પાઠવેલ હતી.(૭.૧૬)

### રાજકોટ લાયન્સ કલબ સિલ્વર દ્વારા

# સરસ્વતી વિદ્યામંદિર ખાતે આચાર્ય પ્રશિક્ષણ વર્ગ યોજાયો



### ડીસ્ક્રીટ ગર્વનર વસંત મોવાલીયા તથા બ્રાન્ડ એમ્બેસેડર મુકેશ પંચાસરા ઉપસ્થિત રહ્યા હતા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬

લાયન્સ કલબ સિલ્વર રાજકોટના પ્રેસિડન્ટ રેશ્માબેન સોલંકી, સેક્રેટરી મહેશભાઈ નગદીયા, ખજાનચી અનવરભાઈ ઠેબાના સહયોગથી વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યામંદિર સંકુલ નવા થોરાળા ખાતે પ્રાથમિક વિભાગના આચાર્યા શિક્ષક બહેનો માટે બે દિવસીય પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રશિક્ષણ વર્ગમાં લાયન્સ કવેસ્ટનાં ઈન્ટરનેશનલ ટ્રેઈનર પ્રિતીબેન ઝવેરી દ્વારા આચાર્યા - શિક્ષક બહેનાને વિવિધ તાલીમ તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમ વર્કશોપમાં ૪૦ શિક્ષકોએ ભાગ લીધેલ હતો.

ટીચર ટ્રેનીંગ વર્કશોપમાં ઈન્ટરનેશનલ ટ્રેનર પ્રીતિબેન ઝવેરીએ શિક્ષકોને જીવન ઘડતર અને કૌશલ્ય વર્ધન અને વ્યક્તિત્વ વિકાસની વિવિધ તાલીમ તથા ખાસ કરીને મનોરંજન સાથે શિક્ષણ કેમ આપવું, ટુંકી વ્યાખ્યાઓ, બાળવાર્તા, ગીત સંગીત થકી શિક્ષણ કેમ આપવું તેનું વિસ્તૃતમાં પ્રોજેકટરમાં નિર્દેશન કરીને માર્ગદર્શન આપ્યું હતું. આ ટીચર ટ્રેનીંગ વર્કશોપમાં આચાર્ય તથા શિક્ષક બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ત્રણ દિવસનો ૯ થી ૫ નો વર્કશોપ ઈન્ટરનેશનલ ટ્રેનર દ્વારા કોઈ પ્રવચન નહી, માત્ર વિવિધ પ્રવૃતિઓ. જેના દ્વારા તોફાની અને ગેરમાર્ગે દોરવાતા બાળકોના અભ્યાસમાં જબરું પરિવર્તન આવે. બાળકોના વર્તન વ્યવહારમાં હકારાત્મક પરિવર્તન આવશે. અભ્યાસમાં રસ અને રૂચિ વધશે. તેના પરીણામમાં ચોકકસ સુધારો થશે. જીવન ઘડતરનો એક અદભૂત કાર્યક્રમ ડીસ્ક્રીટ ગર્વનર વસંતભાઈ મોવાલીયા અમરેલીથી સ્પેશીયલ રાજકોટ તથા બ્રાન્ડ એમ્બેસેડર મુકેશભાઈ પંચાસરા ઉપસ્થિત રહી ટીચર્સ ટ્રેનીંગ વર્કશોપમાં ઉપસ્થિત તમામ શિક્ષકોને અભિનંદન આપી મોટીવેટ કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ લાયન રેશ્માબેન સોલંકીએ શાળાના મેનેજીંગ ટ્રસ્ટી બળવંતભાઈ જાની, સંસ્થાના ટ્રસ્ટીઓ અનિલભાઈ કીંગર, રમેશભાઈ ઠાકર, ખંતીલભાઈ મહેતા, સમીરભાઈ પંડિત, પલ્લવીબેન દોશી, કેતનભાઈ ઠકકર તથા તમામ આચાર્ય બહેનોને શુભકામના પાઠવી સહુનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા ડીસ્ટ્રીકટ ચેરમેન લાયન રાકેશભાઈ નાકરાણી તથા લાયન પરિવાર તથા સરસ્વતી શિશુ મંદીર સ્કુલનાં સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.(૭.૧૬)

### ગણપતિ મંગલ મહોત્સવ સમિતિ દ્વારા

# શહેર ભાજપ કાર્યાલય ખાતે ગણપતિ મહોત્સવનું સાદાઈપૂર્ણ આયોજનઃ મિરાણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬



શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની એક સંયુકત અખબારી યાદીમાં જણાવાયું છે કે ગણેશ ચતુર્થીના દિને તા.૧૦ થી ૧૯ સુધી શહેર ભાજપ દ્વારા હાલ કોરોના મહામારીની પરિસ્થિતિ હોય સોશ્યલ ડીસ્ટન્સીંગનું પાલન થાય તે માટે શહેર ભાજપ કાર્યાલય ખાતે ગણપતિ મંગલ મહોત્સવનું સાદગીભેર આયોજન કરવામાં આવેલ છે.

આ તકે વધુ માહિતી આપતા કમલેશ મિરાણીએ જણાવ્યું હતું કે રિધ્ધી સિધ્ધીના દેવ ગણપતિદાદાનું તા.૧૦ ના શુક્રવારે સવારે ૧૦ કલાકે પૂજન-અર્ચન સાથે શહેર ભાજપ કાર્યાલય ખાતે ગણપતિ દાદાનું સ્થાપન થશે. ગણપતિદાદાનું પૂજન-અર્ચન અને સાંજે ૭ મહાઆરતી યોજાશે. તા.૧૯ ના રોજ ગણપતિ યજ્ઞ સાથે વિર્સજન કરવામાં આવ્યું છે.(૧.૧૬)

### વિશ્વ હિન્દુ પરિષદ જન્માષ્ટમી મહોત્સવના ઉપક્રમે યોજાયેલ

# સૂત્ર સ્પર્ધાનું મુખ્ય સૂત્ર અને સૂત્રોના વિજેતાઓની જાહેરાત કરાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬

રાજકોટ ખાતે છેલ્લા અનેક વર્ષોથી અલગ- અલગ થીમ અને પ્રેરક સૂત્રો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણના જન્મને વધાવવા વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરીત જન્માષ્ટમી શોભાયાત્રા ખૂબ રંગે- ચંગે ઉજવવામાં આવે છે. દર વર્ષે જન્માષ્ટમી મહોત્સવને સંલગ્ન એક સૂત્ર આપવામાં આવે છે તે સૂત્ર અને ટીમને લઈને સમગ્ર સૌરાષ્ટ્રભરમાં ઉજવણી થાય છે. દર વર્ષે અલગ- અલગ પ્રકારના જોમ અને જુસ્સો પ્રેરતા સૂત્રો આપવામાં આવે છે. જેમાં દેશનું સાર્વ ભૌમત્વ, હિન્દુત્વ, સ્વચ્છતા, રાષ્ટ્રીય એકતા અને અખંડીતતા, રામ જન્મ ભૂમિ, રામમંદિર અને જે-તે સમયના કરન્ટ ટોપીક ઉપર આધારીત સૂત્રોને લઈને દર વર્ષે ઉજવણી કરવામાં આવે છે. દર વર્ષના સૂત્રો વિ.હિ.પ. દ્વારા આપવામાં આવે છે. જેને એક તજજ્ઞોની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે એક નવતર પ્રયાસના ભાગ રૂપે વિ.હિ.પ. દ્વારા સૂત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું અને આ સ્પર્ધામાં તમામ હિન્દુ સમાજ, ધર્મપ્રેમીઓ અને સમાજનો બહોળો વર્ગ એટલે કે જાહેર જનતા ભાગ લીધેલ હતો અને તેમાં ખૂબ જ સારા સૂત્રો વિ.હિ.પ. જન્માષ્ટમી મહોત્સવ સમિતિને મળેલ હતા અને તેમાં આવેલ સૂત્રોમાંથી થીમ નકકી કરવામાં આવેલ છે. જેમાં આ વર્ષે સૂત્ર વ્હાલી રે ગાયો, ને વ્હાલું વૃંદાવન, સખાભાવ વરસાવે, ગોકુળનંદન જાહેર કરવામાં આવેલ છે અને જે કૃષ્ણ ભકતોએ આ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો અને સૂત્રો મોકલ્યા હતાં. તેમના સૂત્રો ધ્યાને લઈ અને વિજેતા જાહેર કરવામાં આવેલ હતાં તેની યાદી નીચે મુજબ છે.

પ્રથમ- હિતેશભાઈ સીનરોજા, દ્વિતીય- પંકજ આર. ભંડેરી, કરણ બી. મકવાણા, તૃતીય- દિનેશભાઈ બાલાસરા, મેહુલકુમાર યશવંતરાય ભટ્ટી, પ્રોત્સાહન- ક્રિશભાઈ જોષી, અશોકભાઈ ડી. દુદકીયા, વિશ્વા જોષી, રાજેશભાઈ ડી. જોષી, કરમભાઈ જોષી, અશોક દુદકીયા, ભાવનાબેન રાવલ તેમજ વિ.હિ.પ. પ્રેરીત જન્માષ્ટમી સમિતિ દ્વારા યોજેલ સૂત્ર સ્પર્ધાના વિજેતાઓને તેમના વિજેતા બનવા બદલના સીલ્ડ અપર્ણનો કાર્યક્રમ જે તે વિજેતાના નિવાસ્થાને રૂબરૂ જઈ આપવાનું નકકી કરવામાં આવેલ છે.

જે મુજબ આગામી દિવસોમાં વિ.હિ.પ. દ્વારા દરેક વિજેતાને પોતાના સ્થાને શીલ્ડ આપવામાં આવશે. તેવું વિશ્વ હિન્દુ પરિષદની યાદીમાં જણાવવામાં આવેલ છે.(૭.૧૨)

# શેઠ ઉપાશ્રય જૈન સંઘના આંગણે માતાના

### ભગવાન મહાવીર જન્મજયંતિ નિમિતે બુધવારે ત્રિશલા માતાના ૧૪ સ્વપ્નનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬



શ્રી સ્થાનકવાસી જૈન સમાજની અંદર અનોખી ભાત પારનાર શેઠ ઉપાશ્રય સંઘ સમિતિના કાર્યકર્તાઓ દ્વારા ભગવાન મહાવીર જન્મ કલ્યાણ વાંચન નિમિતે આગામી તા.૮ ને બુધવારના રોજ પ્રભુના ગુણગાન સાથે ત્રિશલા માતાને આવેલા ૧૪ સ્વપ્નના ઉછામણીનું અનેરુ આયોજન કરવામાં આવેલ છે. આ સ્વપ્નો ઘણા સમયથી અખંડ જાપથી અભિમંત્રીત થયેલા છે. શ્રી શેઠ ઉપાશ્રય જૈન સંઘના આંગણે ગોંડલ સંપ્રદાયના પૂ. મુકત-લીલમ ગુરુણીના સુશિષ્યા એવમ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મ.સા. ના આજ્ઞાનુવર્તિ તપસ્વી પૂ. રાજેમતિબાઈ મહાસતીજી,સાધ્વીરત્ના પૂ. સુનિતાબાઈ મહાસતીજી, સાધ્વીરત્ના પૂ. શ્વેતાંસીબાઈ મહાસતીજી આદી ઠાણા-૩ ની નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણપર્વ ની શાનદાર શરૂઆત કરવામાં આવેલ. પર્યુષણના આ અતિ પાવન પ્રસંગે જૈન સમુદાયમાં દરરોજ તપ, ધ્યાન, આરાધના, પ્રતિક્રમણ, પૌષધ, અઠ્ઠાઈ સહિતની શ્રધ્ધા ભક્તિ ભાવના ચાલુ થઈ ગયેલ છે. સતત આઠ દિવસ સુધી ઉપાશ્રયોમાં જ્ઞાન-પ્રવચન માટે ભાવિકો પધારી લાભ લઈ રહયા છે. દરરોજ પ્રાર્થના સવારે ૬:૧૫ થી ૭ વાગ્યે, સવારે વ્યાખ્યાન સવારે ૯ થી ૧૦:૧૫ કલાકે, ધાર્મિક કાર્યક્રમો ૧૦:૧૫ થી ૧૦:૩૦, સવારે ૬ થી સાંજે ૬ અખંડ ઉવસગ્ગહરં સ્તોત્રના જાપ, બપોરે ધાર્મિક ગેમ્સ ૩ થી ૪, સંધ્યા કાલીન પ્રતિક્રમણ રોજ ૭ થી ૮ કલાકે શેઠ ઉપાશ્રયે કરવામાં આવે છે તેમજ શેઠ ઉપાશ્રયે બહોળી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ પર્વાધિરાજ પર્યુષણ પર્વનો લાભ લઈ રહયા છે. શેઠ ઉપાશ્રય સંઘ સમિતિના તમામ કાર્યકર્તાઓ સક્રિય રહી ભવ્ય વ્યવસ્થા ગોઠવી રહયા છે. શેઠ ઉપાશ્રય સંઘ સમિતિના હિતેનભાઈ કામદાર માસ ખમ્મણની ઉગ્ર તપસ્યા કરી રહયા છે, આ ઉપરાંત તપસ્વીઓ પણ તપસ્યા કરી રહયા છે.(૭.૧૬)

# વોડનં. ૧૩ માં ડેન્ગ્યુ ફૂંફાળો મારે તે પહેલા પગલા લેવા માંગ



## મ્યુ.કમિશનરને રજૂઆત કરતા પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન ડાંગર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

મનપાનાં વોર્ડનં. ૧૩ નાં કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન ડાંગરએ મ્યુ.કમિશનરને લેખિતમાં રજૂઆત કરી છે કે, ચોમાસાની ઋતુ પછી મચ્છરોનો ઉપદ્રવ વધી જતો હોય છે. પરંતુ તંત્ર દ્વારા ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા મારવા જતા હોય છે અથવા તો સારું મુર્હૂત જોઈને કામગીરી ચાલુ કરતા હોય છે! વોર્ડનં. ૧૩ ની અંદર પછાત વિસ્તારોમાં જેવા કે આંબેડકર નગર, ખોડીયારપરા, લોધેશ્વર, નવલનગર, અમરનગર જેવા વિસ્તારોની અંદર મચ્છરોનો ઉપદ્રવ વધી ગયેલ છે.


પરંતુ તંત્ર દ્વારા કોઈપણ જાતની કામગીરી કરવામાં આવતી નથી. હાલ અમુક હોસ્પિટલોમાં ડેન્ગ્યુના કેસો જોવા મળી રહ્યા છે.

કોરોના જેવી મહામારીમાં હોસ્પિટલોમાંથી લોકોએ રાહતનો શ્વાસ લીધો, ત્યાં ડેન્ગ્યુ જેવી મહામારી વગર આમંત્રણે તંત્રની બેદરકારીથી લોકોને ડેન્ગ્યુ જેવી ભેટના મળે એ માટે ત્વરિત પગલા લેવા અમારી માંગણી છે.(૧.૧૨)

# હળવદ માર્કેટિંગ યાર્ડના વેપારીને ૯૦ લાખની ખંડણી મામલે ધમકી, ફરિયાદ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

હળવદ, તા.૬: હળવદ માર્કેટિંગ યાર્ડના વેપારી પાસેથી ૯૦ લાખ રૂપિયાની ખંડણી વસુલવા માટે એક ઇસમેં ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાવી છે. હળવદ પોલીસ ટીમે ગુન્હો નોંધી વધુ તપાસ ચલાવી છે. હળવદના રહેવાસી જનકભાઈ ઘનશ્યામભાઈ ચૌહાણ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે હળવદ માર્કેટિંગ યાર્ડમાં ભક્તિનંદન ટ્રેડીંગ નામની દુકાનમાં ખેત ઉત્પાદનનો વેપાર અને કમીશન



એજન્ટનો વેપાર કરતા હોય જેને ગત તા.૩૧ ના રોજ બપોરે મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો જેમાં જશપાલસિંહ ઝાલા બોલતા હોવાનું જણાવ્યું હતું અને રૂબરૂ મળવું છે તેમ કહેતા ફરિયાદી જનકભાઈ રાયસંગપર ગામે હોવાનું જણાવ્યું હતું અને બાળા ખંડણી પેટે રૂ ૯૦ લાખ વસુલવા છે તેવી માહિતી મળી હતી અને ગત તા.૩ ના રોજ વેપારી માર્કેટિંગ યાર્ડમાં આવેલ દુકાને હોય ત્યારે જશપાલસિંહ સ્વીફ્ટ કાર જીજે ૧૨ ઇઇ ૮૬૫૭ લઈને આવ્યા હતા અને ૯૦ લાખ આપવા જ પડશે કહ્યું હતું જેથી વેપારીએ હું તમને ઓળખતો નથી મારે તમારી સાથે કાઈ લેવાદેવા નથી તો શેના રૂપિયા આપવાના તેમ કહેતા આરોપીએ ઉશ્કેરાઈ જઈને તું હજી મને ઓળખતો નથી. ખંડણી માંગુ તે ચુપચાપ આપી દે છે તારા પરિવારે સહી સલામત જીવતા રહેવું હોય તો ગત તા.૫ સુધીમાં ૯૦ લાખ આપી દેજે નહીતર તારા ઘરમાંથી ઉપાડી જઈશ અને મારી નાખીશ તેવી ધમકી આપી હતી હળવદ પોલીસે આરોપી વિરુદ્ધ ગુન્હો નોંધી તપાસ ચલાવી છે.(૭.૧૬)

# માણાવદરના કામદાર સોસાયટીમાં બંધ મકાનમાંથી ૧.૪૨ લાખની મતાની ચોરી



(અમારા પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૬

માણાવદરના ગાયત્રી મંદિર પાછળ આવેલ કામદાર સોસાયટીમાં રહેતા ભરતભાઈ અરવિંદભાઈ વાજા (ઉંમર વર્ષ ૩૦) એ માણાવદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવેલ છે કે તેઓ ગત તા.૩-૯ થી ૪-૯ દરમિયાન બહારગામ ગયેલ હોય જેથી મકાન બંધ હતું. જેમાં કોઈ તસ્કરોએ તાળું તોડી ઘરમાં રહેલ ૩૭ હજાર રોકડા તથા સોનાની બુટી જોડી બે, સોનાની વીંટી નંગ ચાર, સોનાનો પેન્ડલ નંગ એક, ચાંદીના શાકરા જોડી એક, ચાંદીની બંગડી જોડી બે, ચાંદીની ઝાંઝરી એક, સોનાના દાગીના અને રોકડ મળી કુલ ૧.૪૨ લાખની ચોરી થયાની પોલીસ ફરિયાદમાં લખાવેલ છે આ અંગે માણાવદર પીએસઆઇ એસ. એન. સગારકા દ્વારા સઘન તપાસ હાથ ધરી છે.(૭.૧૬)

# ઉર્જામંત્રી સાથે શુભેચ્છા મુલાકાત લેતા ટાટા કંપનીના અધિકારીએ



(અમારા પ્રતિનિધિ દ્વારા) દ્વારકા: ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલ દેવભૂમિ દ્વારકા જીલ્લાના પ્રવાસે આવેલા હતા. ત્યારે મીઠાપુર ટાટા કંપનીના ટાઉન ડીપાર્ટમેન્ટનાં એડમિનિસ્ટ્રેશન બીમલભાઈ મોઢવાડિયા દ્વારા એક શુભેચ્છા મુલાકાત કરવામાં આવી હતી.(૧૫.૧૨)

### ડો.બાબાસાહેબ આંબેડકર શોપિંગ સેન્ટરની જાહેર હરાજી

# હળવદ ન.પા દ્વારા બાકી રકમ જમા કરાવવા ૧૭ દુકાન ધારકોને નોટિસ, વેપારીઓમાં દોડધામ

**૭૫ ટકા રકમ સાત દિવસમાં ભરપાઈ નહીં કરવામાં આવે તો કડક કાર્યવાહી કરાશેઃ ચીફ ઓફિસર**



(અમારા પ્રતિનિધિ દ્વારા)

હળવદ, તા.૬

હળવદ નગરપાલિકા માલિકીનું ડો.બાબા સાહેબ આંબેડકર શોપિંગ સેન્ટર જે ગંગા તલાવડી સરાનાકા પાસે આવેલ છે. તા.૫/૩/૨૦૧૯ ના રોજ દુકાનોની હરાજી કરવામાં આવી હતી. જેમાં ૧૭ જેટલા દુકાનદારોએ હરાજીમાં દુકાન રાખીને ૨૫ ટકા ભરીને દુકાન રાખી હતી. જેની બાકીની ૭૫ ટકા રકમ બાકી હોવા છતાં આજદિન સુધી ભરેલ નથી. ત્યારે હળવદ નગર પાલિકાના ચીફ ઓફિસર સંદીપસિંહ ઝાલા અને નગરપાલિકા પ્રમુખ રમેશભાઇ પટેલે લાલ આંખ કરતા તમામ ૧૭ દુકાનદારોને સાત દિવસમાં બાકીની ૭૫ ટકા રકમ ભરી જવા નોટિસ પાઠવી છે. હળવદ વેપારી આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આથી જાહેર હરાજીના શરત નં ૧૨ તથા ૧૩ ભંગ થયેલ છે. આથી શરતો મુજબ ભરેલા ૨૫ ટકા રકમ જમ કરવાની કાર્યવાહી હળવદ નગરપાલિકા દ્વારા કરવામાં આવશે તેમજ અમુક વેપારીઓ દ્વારા હરાજીથી રાખવામાં આવેલ દુકાનો બિનઅધિકૃત રીતે બીજાને વેચાણ આપી દીધેલ છે.

બિન અનઅધિકુત કબ્જો કરી નગરપાલિકા અધિનિયમનો ભંગ કરવા બદલ તથા હરેરાજીની શરત નં ૧થી ૨૯ શરત ભંગ કરવા તેમજ સરકારના કાયદા લેન્ડ ગ્રેબીગ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે તેવી હળવદ ચીફ ઓફિસરે નોટીસ ફટકારી હતી. જેની સંપૂર્ણ જવાબદારી દુકાનદાર રહેશે. નોટિસ મળ્યા ને સાત દિવસમાં હળવદ નગરપાલિકામાં બાકીની રકમ ભરી જવા નોટિસ પાઠવતા દુકાનદારો માં દોડધામ મચી જવા પામી છે.(૭.૧૬)

### ગુજરાત સાહિત્ય એકેડેમી અને કૃષ્ણ પબ્લિક સ્કૂલ અંજારના સંયુકત ઉપક્રમે

# આદીપુર ખાતે શિક્ષકો માટે બુધવારે કવિ સંમેલન યોજાશે

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંજાર, તા.૬

આદીપુર ખાતે ગુજરાત સાહિત્ય એકેડેમી અને કૃષ્ણ પબ્લિક સ્કૂલ અંજારના સંયુક્ત ઉપક્રમે શિક્ષક કવિ સંમેલન ૮મી સપ્ટેમ્બરના આયોજન કરવામાં આવ્યું છે. કવિ સંમેલનમાં અંજાર આદિપુર ગાંધીધામની મોટાભાગની સ્કૂલના શિક્ષકો ભાગ લેશે ત્યારે કચ્છની કવિ પ્રેમી જનતાને આ સંમેલનમાં ઉપસ્થિત રહી શિક્ષકોનું મનોબળ વધારવા અને પ્રોત્સાહિત કરવા દરેક લોકોને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

આ કવિ સંમેલનમાં અંદાજે ૨૫ શિક્ષક ભાગ લેવાના છે જેમાં હિન્દી સંસ્કૃત ગુજરાતી ભાષામાં અલગ-અલગ કવિ પોતાની કવિતા પ્રસ્તુત કરશે કવિ સંમેલનની સાથે સાથે સંસ્કૃતિ ગીતા માળાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષકો દ્વારા દેશભક્તિ ભાવના ઉપર આધારિત કાવ્ય નું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ પ્રભુદર્શન ઓડિટોરિયમ આદિપુર કચ્છ ખાતે બપોરે ત્રણ વાગે યોજાશે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.નવનીતા રાઠી,ઓમ પ્રકાશ સરિયાલા કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.(૭.૧૬)

### ઉપલેટાના હરિયાસણના તરણેતર મહાદેવ મંદિરે

# વિશ્વ શાંતિ અને લોકકલ્યાણની ભાવના માટે શિવ મહાપૂજા કરાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ઉપલેટશ, તા.૬

ઉપલેટા તાલુકાના હરિયાસણ ગામના સીમાડે ૨૦૦ વર્ષ જુનુ અતિ પ્રાચીન,તેમજ રામમઢી આશ્રમ સુરત સંત શિરોમણી પરમવંદનીય પુજ્ય મુળદાસબાપના કરકમલ દ્વારા પુનઃ નવનિર્માણ થયેલ ભગવાન તરણેતર મહાદેવનુ મંદિર અતિ સુંદર, તપોભૂમિ સ્થળ છે. નાગબાઈમાતાજી પણ બિરાજમાન છે. હાલ આશ્રમના મહંત દિપકદાસબાપુ પુરો શ્રાવણ માસ મૌનવ્રત, ઉપવાસ, તપસ્થલીમાં તપસ્યા કરે છે. જીવનમાં ભજનભાવ, સાધુ-સંતોની સેવા, અતિથિને આવકાર, ભોજનપ્રસાદ દેશસેવા પણ કરી એવા રિટાયર્ડ આર્મીમેન સુરેન્દ્રસિંહ વાળાના સહયોગથી ગત તા.૫ શનિવારના દિવસે તરણેતર મહાદેવના સાનિધ્યમાં પરમપુજય યુગદ્રષ્ટા રામશર્મા આચાર્ય પ્રેરિત કર્મકાંડ મુજબ વિશ્વશાંતિ અને લોકકલ્યાણની ભાવના સહ શિવમહાપુજા,અભિષેક ષોડશોપચારપુજન એકહજાર આઠ બિલ્વપત્ર પુજા ,હોમ,આરતી કરવામાં આવી હતી.(૭.૧૬)

### હળવદના શરણેશ્વર મહાદેવ મંદિરે

# ૧૦૦૮ કમળ પુષ્પ દ્વારા શિવ મહાપૂજા અને અગિયાર પ્રત્યોથી મહાભિષેક કરાયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

હળવદ, તા.૬

હળવદને શિવાલયનો ગઢ માનવામાં આવે છે હળવદની ચારે બાજુએ ફરતા શિવાલયો જ આવેલા છે. હળવદ છોટા કાશી તરીકે સમગ્ર વિશ્વમાં જાણીતું છે. હળવદના લાડવા અને બ્રાહ્મણો જગ વિખ્યાત છે. શેરીએ મહોલ્લે અનેક નાના મોટા શિવાલયો આવેલા છે. હળવદ એ એક આગવો ઇતિહાસ ધરાવે છે. સ્વર્ગની



અનુભૂતિ કરાવતુ. કુદરતી અને રમણીય એવું શરણેશ્વર મહાદેવ મંદિર ખાતે શિવભક્તોના આત્મકલ્યાણ અર્થે રવિવારના રાત્રિના દેવાધીદેવ મહાદેવની ૧૦૦૮ કમળ પુષ્પ દ્વારા તથા ૧૧ દ્રવ્યોથી મહાદેવનો મહાઅભિષેક વિદ્વાન બ્રાહ્મણો દ્વારા પૂજા અર્ચન કરવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. શિવાલય ઓમ નમઃ શિવાયના નાદથી ગૂંજી ઊઠયું હતુ.(૭.૧૬)

# સુરતઃ કેદારેશ્વર મહાદેવને સવા લાખ બીલીપત્રોનો અભિષેક કરતા ભાવિકો



(અમારા પ્રતિનિધિ દ્વારા) સુરતઃ સુરત પલસાણા તાલુકાના વાકાનેડા ગામમા સુપ્રસિદ્ધ કેદારેશ્વર મહાદેવ મંદિરે પવિત્ર રવિવારે મહંત રાજુગીરીબાપુ લધુ મહંત પ્રજ્ઞેશગીરી અને બ્રિજેશગીરીના માર્ગદર્શન નીચે સર્વે કલ્યાણ અર્થ શિવભકતો માટે સવા લાખ બીલીપત્રોના અભિષેકનુ આયોજન કરવામાં આવેલ. જેનો બહોળી સંખ્યામાં શિવભકતોએ લાભ લીધો હતો. વાકાનેડા ગામના સરપંચ કુણાલસિહ ગોહિલ દ્વારા પણ કેદારેશ્વર દાદાને બિલ્વપત્ર ચડાવી અભિષેક કરીને ધન્યતા અનુભવી હતી. આ આયોજનને સફળ બનાવવા માટે કેદારેશ્વર મહાદેવ મંદિર ગોસ્વામી પરિવાર તેમજ વાકાનેડા ગામ સમસ્ત યુવક મંડળના યુવાનો તેમજ મહિલા મંડળની બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી. તેમજ રાત્રે શિવ ભજન ધુન કિર્તનની રમજટ બોલાવેલ હતી.(૭.૧૬)

# "ઝરૂખો"

## માણસનું જીવન મર્યાદાથી જ શોભે છે

આજનો સમય એવો આવ્યો છે કે પ્રતિષ્ઠા વધારવા માટે માણસો વાર-તહેવાર કે લગ્ન જેવા પ્રસંગો જ નહીં પણ મરણનાં પ્રસંગો પણ મોટા ખર્ચ કરે છે. આવું અગાઉ પણ બનતું હતું પરંતુ અમુક વર્ગનાં લોકોમાં જ એની દેખાદેખી હતી. થોડા વર્ષો પહેલાનો એક બનાવ વાંચેલો યાદ આવે છે. ભીખ માંગીને પૈસાદાર થયેલો માણસ એના દીકરાની જાનમાં હેલીકોપ્ટર ભાડે લે છે. આનો અર્થ એક જ કે પ્રતિષ્ઠાની દોડ માટે અમૂક જ વર્ગમાં હતો તે હવે વ્યાપક બન્યો અને ફેલાતો જાય છે.

માણસજાત આખી પ્રતિષ્ઠા પાછળ દોડતી દેખાય છે. ચીનની દિવાલ કે મિસરનાં પિરામીડો માનવીની પ્રતિષ્ઠાનાં સાક્ષી છે. પ્રતિષ્ઠા માટે સિકંદર દુનિયાને જીતવા નિકળ્યો હતો. કારણ કે, તેને વિશ્વવિજેતા થતું હતું. આમ પ્રતિષ્ઠાની વાત માનવસમાજ સાથે અસ્તિત્વમાં આવી હશે. પરંતુ આજે તેને એક અલગ રૂપ ધારણ કર્યું છે. પહેલા તો રાજકારણ અને લડાઈની વાતો અમૂક લોકોના સુધી જ માર્યાદિત રહેતી તેમાં આમ જનતા આટલી હદે અમર્યાદિત પ્રતિષ્ઠા આધુનિક માણસ માટે ખાવાનો ખોરાક જેવી બની ગઈ છે. તેના વગર તે જીવી શકતો નથી. એટલે તેનું પ્રમાણ વધી જાય તો તે આત્મઘાતક બની જાય છે.



જાગૃતિ દવે મિશ્રા (બરોડા)

આપણને ગયા વર્ષમાં કોરોનાને કારણે દિવાળીનાં તહેવારમાં લોકો એકબીજાની દેખાદેખીમાં લાખો રૂપિયાનું દારૂખાનું ફોડી નાખે છે. આમ, માણસ પાસે જયારે અમર્યાદિત પ્રમાણમાં પૈસા આવે ત્યારે ખર્ચા પણ એ જ રીતે થતા હોય છે. આવું થાય ત્યારે માણસ પૈસાથી જલ્દી પ્રતિષ્ઠા મેળવવા માંગે છે. પ્રતિષ્ઠા માણસ માટે સોમરસ છે. આમ એકલા સોમરસ માટેની શોધ માણસને રોગી બનાવે છે.

આમ, આ પ્રતિષ્ઠાનો રોગ માણસને પામર બનાવે છે. પૈસાથી માણસ આ પ્રતિષ્ઠાને ખરીદી રહ્યો છે. એટલે જ પૈસા માટે તે તેના મુલ્યો વેચવા નિકળ્યો છે. જેને આપણે કુદરતી વરદાન કહીએ છે. એવી વસ્તુઓ માણસની પોતાની હોય છે. કલા, સાહિત્ય, સંગીત વગેરે ઘણીબધી અલગ-અલગ ટેલેન્ટ ઘણા લોકોમાં જોવા મળે છે. આમ, તે જ વ્યક્તિની પોતાની આગવી મૂડી છે. એટલે તો આજે આપણે કાલિદાસ, તાનસેન, તાના-રીરી, શેક્સપિયર, પિકાસો



વગેરેને યાદ કરીએ છે. આ બધું આવડત અને કુદરતનાં વરદાનથી મળે છે. પૈસાથી નથી મળતું.

હવેની પરિસ્થિતિ બદલાઈ છે. કલા અને સાહિત્યનાં ઉદ્‌ઘાટનોમાં કલા-સાહિત્યના માણસોના હાથે નહીં પરંતુ મંત્રીઓ અને ધનવાનોના હાથે થાય છે. કારણ કે, સાહિત્યવાળાને પૈસા જોઈએ છે અને પૈસાવાળાને પ્રતિષ્ઠા જોઈએ છે. આમ આપણે જે રસ્તે દોડી રહ્યા છે એનો અંત સારો નથી. પ્રતિષ્ઠા હોય કે પછી એવી જ કોઈ બીજી વસ્તુ હોય તેણી અમર્યાદિત લાલસા માણસની અંદર રહેલી માણસાઈને ઘસી નાખે છે. માણસનું જીવન જન્મ-મરણ વચ્ચે બંધાયેલું છે અને મર્યાદિત છે. એટલે માણસ અમર્યાદિત બને તો એના જીવન સાથેનો તાલમેલ સંભવ નથી. તેની દરેક વાતો, વિચારોને કર્યો એક હદ સુધી બરાબર હોય છે. પરંતુ હદ વટાવતા જ તે અર્થહિન થઇ જાય છે. આમ જે વાતો માણસને લાગુ પડે છે. કારણ સમાજ માણસોની માટે જ બન્યો છે. એટલે સમાજે પણ મર્યાદાઓ સ્વીકારવી પડે કારણ કે, અમર્યાદિત સમાજ પોતાનો જ વિનાશ નોતરે છે. એટલે જ મિત્રો માણસ અને સમાજ તેના આચરણ અને વ્યવહારમાં મર્યાદા જાળવે એ જ યોગ્ય છે. સૌ મિત્રોને મારા- જાય શ્રીકૃષ્ણ.(૧૨)

# સુરજકરાડીઃ વીજશોક લાગવાથી બે ગાયોનાં મોત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

મીઠાપુર, તા.૬

ઓખામંડળ તાલુકાના મીઠાપુર નજીક આવેલા સુરજકરાડી ગામે ઓખા નગરપાલિકાની પેટા કચેરીની સામેના વિસ્તારમાં વીજ શોક લાગવાથી બે નિર્દોષ ગાયોનો ભોગ લેવાયો છે. અવારનવાર પીજીવીસીએલની ઘોર બેદરકારી સામે આવી રહી હોય તેવો આક્ષેપ કરાઈ રહ્યો છે. આવા બનાવોથી ગૌપ્રેમીયોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હજુ થોડા જ દિવસો પહેલા આ વિસ્તારમાં નવા વીજપોલ ઉભા કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ આવા બનાવ બની રહ્યા છે. આમ તો આખા વર્ષ દરમિયાન પીજીવીસીએલનાં



ધાંધિયા હોય જ છે.

પરંતુ દર વર્ષની જેમ ચોમાસામાં કર્મચારી અને અધિકારી જાણે મુક પ્રેક્ષક બનીને જોઈ રહ્યા હોય તેવા અનુભવ લોકોને થાય છે. તેથી આવા નીમ્ભર લોકો સામે યોગ્ય પગલા લેવા લોક માંગણી ઉઠી રહી છે.(૧૫.૧૨)

# માણાવદરઃ ગૌમાતાને રાષ્ટ્રીય દરજજો આપવા માંગ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૬

ગુજરાતના યુવાન આહીર અર્જુન આંબલીયા ગૌમાતાને રાષ્ટ્રમાતાનો દરજ્જો આપી સમગ્ર દેશમાં ગૌહત્યા બંધ થાય તેના માટે ૧૧ જાન્યુઆરીથી દિલ્હી, જંતર-મંતર પર અનિશ્ચિત સમય ધરણા પર બેસી શાંતિપૂર્ણ આંદોલન ચલાવી રહ્યા છે. ત્યારે અલ્હાબાદ હાઇકોર્ટેના ગૌમાતાને રાષ્ટ્રીય પશુ ઘોષિત કરવા કેન્દ્ર સરકારને સલાહના નિવેદનથી આ આંદોલને જોર પકડ્યું છે. વિવિધ સંગઠનો, નેતાઓ આ વાત ને સમર્થન કરી રહ્યા છે. ત્યારે રાજુલા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય અમરીશ ડેર દ્વારા આ લડતને સમર્થન કરતા સરકારને દિલ્હી ધરણા કરી રહેલ આહીર અર્જુન આંબલીયાની માંગો સ્વીકારવા અપીલ કરી હતી. અને સરકાર પર કટાક્ષ કરતા જણાવ્યું કે અંગ્રેજ સરકારે પણ ભગતસિંહના ૧૧૬ દિવસે પારણાં કરાવ્યા હતા ત્યારે આ યુવાન આજે ૨૩૭ દિવસ થી ધરણા પર છે એની માંગો યોગ્ય છે. સરકારે આમાં રાજકારણ છોડી ને ધ્યાન આપવું જોઈએ.(૭.૧૬)

# સુરતના સ્વ.ધર્મેશભાઈ રાજપૂતની સ્મૃતિમાં રકતદાન કેમ્પ યોજાયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત, તા.૬

સ્વ. ધર્મેશભાઈ રાજપૂતની સ્મૃતિમાં મહારક્તદાન કેમ્પ યોજાયો તા.૫ ના રોજ સ્વ. ધર્મેશભાઈ રાજપુતની સ્મૃતિમાં ચલમવાડ યુવક મંડળ આયોજીત મહા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું આ કેમ્પમાં સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓના યુવાનોએ ઉત્સાહભેર



ભાગ લીધો હતો. જય ભગવાન યુવક સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સુરત ના તમામ સભ્ય તરફથી આયોજકોના આયોજન ની સરાહના કરાય હતી.

ચલમવાડ યુવક મંડળના સંસ્થાપક સ્વ.ધર્મેશભાઈ રાજપૂત દૈહિક રૂપે ભલે આપણી વચ્ચે નથી પણ વિચારો રૂપે જીવન પર્યન્ત જીવંત રહે તેવી પ્રવૃત્તિ અવિરત રાખતા આયોજકોએ સમસ્ત માનવ સમાજ માટે ખૂબ ઉમદા કાર્ય કર્યું છે રક્તદાન કેમ્પ યોજી ૧૧૧૧ યુનિટ રક્તદાન મેળવ્યું હતું.(૭.૧૬)

# સોમનાથમાં હજારો ભાવિકોનું સોમવતી અમાસનું પવિત્ર સ્નાન





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬

આજે પવિત્ર શ્રાવણ માસનો આખરી દિવસ અને તેમાંય સોમવાર હોવાથી પવિત્ર સોમવતી અમાવસીયાના દિવસે સોમનાથ મંદિર ખાતે પવિત્ર સ્નાન માટે હજારો ભાવિકો ઉમટી પડયા હતા.

સૌરાષ્ટ્ર અને ગુજરાતના તમામ નાના-મોટા શિવાલયોમાં પવિત્ર માસના અંતિમ દિવસે પ્રચંડ માનવ મહેરામણ ઉમટી પડયો હતો. દ્વારકાથી માંડીને સોમનાથ, ડાકોર, આબુ અંબાજી સહિતના તમામ મહત્વના ધર્મ સનાતનોમાં શિવ શંકરને રીઝવવા માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા. પુજા-અર્ચના, જળાભિષેક, દુધનો અભિષેક તથા બિલિપત્ર ચડાવીને ભકતો ભોળાનાથને રીઝવવામાં મગ્ન બની ગયા હતા. ડાકોર અને અંબાજીમાં પણ ભકતોની જબ્બર ભીડ ઉમટી પડી હતી.

સૌરાષ્ટ્રમાં સૌથી મહત્વના અને મુખ્ય પવિત્ર તીર્થ ધામ સોમનાથ જગત મંદિર ખાતે સવારથી ભકતોની કટારો લાગી ગઇ હતી અને પવિત્ર સ્નાન કરીને સોમવતી અમાવસીયાનું પુણ્ય એકત્ર કરવા હજારો ભકતોએ ધાટ પર પવિત્ર ડુબકી લગાવી હતી અને ધન્યતા અનુભવી હતી. બાદમાં ભોળાનાથની પ્રાથના અને પુજા અર્ચના કરવામાં આવ્યા હતા. આજે સોમવતી અમાવસીયાના પવિત્ર દિવસ સાથે મહત્વના અને પવિત્ર શ્રાવણમાસ પુર્ણ થઇ રહયો છે. એ કારણે રાજયભરના મંદિરોમાં મોટી ભીડ ઉમટી પડી છે. મંદિર સંસ્થાનો તરફથી ભકતોની અગવડ ન પડે એ માટે ઠેરઠેર વ્યવસ્થા કરવામાં આવી છે. લોકો કટારમાં ઉભા રહીને દર્શન કરી શકે એ માટે રેલીંગો ઉભી કરવામાં આવી છે. મંદિર પરીષરોમાં સાફસફાઇ કરવામાં આવી છે.

ગુજરાતના વિખ્યાત ધર્મસ્થાન અંબાજી ખાતે ભાદરવી પુનમાં વિખ્યાત મેળાને મંજુરી મળે તેવી શકયતા હોવાથી દેવ સ્થાન ટ્રસ્ટ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મંદિર પરીષરમાં ભકતો આસાનાથી અને પધ્ધતિસર દર્શન કરી શકે એ માટે રેલીંગો ઉભી કરવામાં આવી છે.

પગરખા કેન્દ્રો અને અલગ લગેજ કેન્દ્રો ઉભા કરવામાં આવી રહયા છે. કોરોનાની પરિસ્થિતિ કાબુમાં આવવાથી જિલ્લા તંત્ર દ્વારા ભાદરવી પુનમના પ્રખ્યાત મેળાને મંજુરી આપવામાં આવે તેવી શકયતા છે. આથી મંદિર ટ્રસ્ટ દ્વારા અત્યારથી જોરદાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

સૌરાષ્ટ્રમાં રાજકોટ, જામનગર, જૂનાગઢ વગેરે શહેરોમાં આજે સવારથી શિવાલયોમાં અને અન્ય મંદિરોમાં ભકતો જલાભીષેક માટે ઉમટી પડયા હતા. ભાવિકો પિતૃઓને તર્પણની વિધિ પણ કરી રહયા છે. આ રીતે સોમવારથી શરૂ થયેલો શ્રાવણ માસ સુચક રીતે સોમવારે જ પરીપુર્ણ થયો છે.

લોકોએ સરકારના નિયમોનું પાલન કર્યું હતું.

**રાજયમાં અને સૌરાષ્ટ્રમાં પવિત્ર માસના અંતિમ દિવસે પુજા-અર્ચના અને શિવ ભકિત માટે પ્રચંડ માનવ મહેરામણઃ મહાદેવને જલાભીષેકની સાથે ભકતો પિતૃતર્પણ પણ કરી રહયા છે**

**શ્રાવણ માસનો આખરી દિવસ સોમવાર હોવાથી તમામ મંદિરોમાં ભારે ભીડઃ પવિત્ર ધર્મ સ્થાન સોમનાથ મંદિરના ધાટ પર પવિત્ર સ્નાન કરીને ધન્યતા અનુભવતા શિવ ભકતો**

## ભાદરવી અમાસ છતાં બીજા વર્ષે પણ દામોદરકુંડ ખાતે પ્રવેશબંધીનો ચુસ્ત અમલ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
જુનાગઢ,તા.૬

ભાદરવી અમાસ છતાં આજે સતત બીજા વર્ષે પણ જુનાગઢના દામોદરકુંડ ખાતે કોરોના સંદર્ભે પ્રવેશબંધીનો ચુસ્ત અમલ રહયો છે.

કોરોના સંક્રમણ સંદર્ભે ભાદરવી અમાસ નિમિતે ભવનાથ સ્થિત દામોદર કુંડમાં સ્નાન વિધિ માટે ગઇકાલે રાત્રીના ૮ વાગ્યાથી આજે સાંજના પાંચ વાગ્યા સુધી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ પ્રવેશબંધી ફરમાવી છે. જેનું ચુસ્ત પાલન થાય તે માટે રવિવારે બપોર બાદથી જ દામોદર કુંડ તેમજ આસપાસના વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ભાદરવી અમાસ નિમિતે દામોદરકૂંડના પવિત્ર જળમાં સ્નાન કરી પાવન થઇને કુંડના કાંઠે પીપળો તુલસીના પ્રશ્ને પાણી રેડીને પિતૃતર્પણ કરવાનું મહાત્મય છે. જેમાં ગઇકાલ રાતથી જ મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડતા હોય છે અને આજે તો ત્રણ લાખ શ્રધ્ધાળુઓ ઉમટી પડે છે.

પરંતુ આજે સતત બીજા વર્ષે પણ કોરોના સંદર્ભે પ્રવેશબંધી હોય દામોદરકુંડ ખાતે ભાવિકો સ્નાન વિધિથી દુર રહી તંત્રના જાહેરનામાનું ચુસ્ત પાલન કર્યું હતું.(૯.૧૩)

## વડિયાઃ ૨૫ મજુરો ભરેલુ ટ્રેકટર પલ્ટી ખાઈ ગયું

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
વડિયા, તા.૬

વડિયાથી રેલ્વે સ્ટેશન ખાતે બ્રોડગેજનું કામ શરૂ હતું. ત્યાં મજુર ભરી જતું ટ્રેકટર આગળનું વિલ ધડાકાભેર ફાટતા ટ્રેકટર પલ્ટી મારી ગયું હતું. ત્યારે ટ્રેક્ટમાં ૨૫ મજુરો મજુરી કામ માટે જતા હતા ત્યારે ટ્રેકટર પલ્ટી ખાઈ જતાં થોડીવાર માટે તો લોકોની ચીચીયારીઓ સંભળાઈ હતી પરંતુ સદનસીબે કોઈ વ્યક્તિ મોટી જાનહાનિ થઇ નહોતી. જોકે આસપાસ ખેતરમાં કામ કરતા લોકોના જણાવ્યા અનુસાર ટ્રેક્ટર ચાલક બે



**સદનસીબે કોઈ મોટી જાનહાનિ થઈ નહોતી**

ફીકરાયથી ટ્રેક્ટર ચલાવતો હોય અને દરરોજ આ ચાલક આજ રીતે ટ્રેક્ટરમાં મજુર ભરી રેલવે સ્ટેશન ખાતે બ્રોડગેજનું કામ શરૂ છે ત્યાં જાય છે.(૭.૧૬)

## સૈનિક સ્કૂલ બાલાચડી જામનગર ખાતે શિક્ષક દિવસની ઉજવણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**જામનગરઃ સૈનિક સ્કૂલ બાલાચડી, જામનગર શિક્ષક દિવસની ઉત્કૃષ્ટ અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સૈનિક સ્કૂલ બાલાચડીના આચાર્ય ગૃપ કેપ્ટન રવિન્દર સિંહ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષકની ભૂમિકાની નિભાવી હતી. તેમાં આચાર્યની જવાબદારી કેડેટ શૌર્ય રે એ નિભાવી હતી, જ્યારે કેડેટ ભાસ્કર કુમાર અને કેડેટ અભિષેક કુમારે અનુક્રમે ઉપાચાર્ય લેફ્ટનન્ટ કમાન્ડર મનુ અરોરા અને એડમ ઓફિસર સ્કવોડ્રન લીડર મહેશ કુમારની ફરજો નિભાવી હતી.(૧.૧૩)

## પીડીયુ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાંથી બેભાન મળેલા ત્રણ અજાણ્યા પુરૂષનાં મોત



**મૃતકોના વાલીવારસ હોય તો પ્ર.નગર પોલીસનો સંપર્ક કરવો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ તા. ૬

પંડિત દિનદયાળ ઉપાધ્યાય સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં વધુ ત્રણ અજાણ્યા પ્રૌઢ-વૃધ્ધે દમ તોડી દેતાં પોલીસે કાર્યવાહી કરી હતી. સિવિલ હોસ્પિટલના વોર્ડ નં. ૧૦ની સામેના ભાગેથી અજાણ્યા આશરે ૫૫ વર્ષના પુરૂષ તથા અજાણ્યા આશરે ૭૦ વર્ષના વૃધ્ધ બેભાન મળતાં ઇમર્જન્સી વોર્ડમાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ બંનેના મૃત્યુ થયા હતાં.

આ ઉપરાંત અજાણ્યા આશરે ૫૦ વર્ષના પ્રૌઢ પીડીયુ મેડિકલ કોલેજ પાસેથી બેભાન મળતાં તેમને પણ ઇમજન્સી વોર્ડમાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ દમ તોડી દીધો હતો. ત્રણેય બનાવમાં તબિબે પોલીસ કેસ જાહેર કરતાં પ્ર.નગરના એએસઆઇ કનુભાઇ માલવીયા અને રામજીભાઇ પટેલે જરૂરી કાર્યવાહી કરી હતી. તસ્વીરમાં દેખાતાં અજાણ્યા મૃતકોના કોઇ વાલીવારસ હોય તો પ્ર.નગર પોલીસનો ફોન નં. ૦૨૮૧ ૨૨૨૬૬૫૯ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે. (૯.૧૩)

## રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા
## શિક્ષક દિન નિમિતે 'શિક્ષક વંદના' મોટીવેશનલ કાર્યક્રમ યોજાયો



**શિક્ષકોને પ.પૂ. શ્રુતીપ્રકાશ સ્વામીજી, પ.પૂ. અપૂર્વમુની સ્વામી અને જાણીતા વક્તા શૈલેષભાઈ સગપરિયા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬

શિક્ષક દિન નિમિત્તે રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા પશિક્ષક વંદનાથ શિર્ષક અંતર્ગત મોટીવેશનલ પ્રોગ્રામનું આયોજન શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ, ગોંડલ રોડ, રાજકોટ ખાતે કરવામાં આવેલ. જેમાં પ.પૂ. શ્રુતીપ્રકાશ સ્વામીજી, પ.પૂ. અપૂર્વમુનીજી સ્વામી અને જાણીતા વક્તા શૈલેષભાઇ સગપરિયા દ્વારા બહોળી સંખ્યામાં ઉપસ્થિત શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા ગત સમયમાં યોજેયેલ વિવિધ સ્પર્ધાઓના વિજેતા સ્પર્ધકોને ઇનામ વિતરણ પણ કરવામાં આવ્યુ હતું.

આ મોટીવેશનલ પ્રોગ્રામમાં ઉપસ્થિત તમામ શિક્ષકોને સંબોધીને પૂજ્ય અપૂર્વમુની સ્વામીએ કહ્યું કે શિક્ષકનું કાર્ય રત્નકલાકાર જેવું છે, જે કાચા હીરાને ઘસીને મૂલ્યવાન બનાવે છે. કોરોના કાળ દરમિયાન ડોક્ટર અને પોલીસની જેમ જ શિક્ષકોએ પણ ઉમદા કામગીરી નિભાવી છે. વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું ઇન્વેસ્ટમેન્ટ કરવાથી અનેકગણું ફળ મળી જાય છે.

પૂ. શ્રુતિ પ્રકાશદાસજી સ્વામીએ તેમના ઉદબોધનમાં કહ્યું કે પશિક્ષક દિનથ અને પશિક્ષક વંદનાથ દિવસમાં ઘણો મોટો ફરક છે. વિદ્યાર્થીના હૃદયમાં શિક્ષકની ગરિમાની ઝાંખી થાય, અને શિક્ષક પ્રત્યે તેનું હૃદય અહો ભાવથી ઢળી પડે એ જ સાચી શિક્ષક વંદના. શિક્ષકમાંથી વિદ્યાર્થીઓ ઘણું બધું શીખતા હોય છે એટલે એમની જવાબદારી ઘણી મોટી છે.

રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી.વી મહેતા, ઉપપ્રમુખ અવધેશભાઈ કાનગડ, ઉપપ્રમુખ ડો. ડી. કે. વડોદરિયા, મહામંત્રી પરિમલભાઈ પરડવા, મહામંત્રી પુષ્કરભાઈ રાવલ, સૌરાષ્ટ્ર ઝોન કન્વીનર જયદીપભાઇ જલુ અને મેહુલભાઈ પરડવા, ગુજરાત સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના પ્રમુખ ભરતભાઈ ગાજીપરા, ઉપપ્રમુખ જતીનભાઈ ભરાડ, એફ.આર.સી કમિટીના સભ્ય અજયભાઈ પટેલના માર્ગદર્શનમાં સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની કારોબારી સમિતિના તમામ સભ્યો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.(૧.૧૬)

## જુનાગઢમાં વકિલની હત્યા

**છરીના ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારતા ખળભળાટઃ પોલીસ તપાસનો ધમધમાટ**




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
જુનાગઢ તા. ૬

જુનાગઢમાં એડવોકેટની તેનાજ ઘરમાં છરી ઝીંકીને હત્યા થયાનું જાણવા મળેલ છે. આ અંગેની જાણ થતા પોલીસે તુરત જ સ્થળ પર દોડી જઇને તપાસ હાથ ધરી છે.

જુનાગઢના ટીંબાવાડી નજીક આવેલ મંગલધામ-બેમાં રહેતા વકીલ નિલેશભાઇ દેવજીભાઇ દાફડા (ઉ.૩૬)નું મોત થયાની જાણ થતાં એસ.પી. રવિ તેજા વાસમ શેટ્ટીની સુચનાથી ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શનમાં સી ડીવીઝનના પી.એસ.આઇ. જે.જે. ગઢવીવગેરે તાત્કાલીક દોડી ગયા હતા.

પ્રાથમિક તપાસમાં નિલશેભાઇની છરીના ઝીંકીને ગળાના ભાગે ગંભીર ઇજા પહોંચાડીને હત્યા થયાનું જણાવ્યું હતું. પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે પી.એસ.આઇ. ગઢવીએ જણાવેલ કે, બનાવ વખતે મૃતક અને તેના પત્ની બંને સાથે હતા હત્યા કયારે થઇ અને કોણે કરી તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.(૯.૪)

## રાજકોટમાં ૯૨%ને મળ્યો પહેલો ડોઝ, બે ડોઝ લેનાર ૪.૩૨ લાખ
# રાજકોટમાં વેક્સિનેશન પુરજોશમાં




**૮૬૦૦૦ લોકો રસીનો પહેલો ડોઝ લેશે તો થશે ૧૦૦% વેક્સિનેશનઃ રવિવારે ૧૦ હજાર લોકોએ વેક્સિન મુકાવી, સૌથી વધુ અમીન માર્ગ પર વેક્સિન કેન્દ્રમાં રસીકરણ થયું**

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
રાજકોટ,તા.૬

રાજકોટમાં રસીનો પુરવઠો જેમ જેમ આવતો જાય છે તેમ તેમ રસી લેવામાં લોકો આગળ આવી રહ્યા છે. રવિવારે પણ વેક્સિનેશન ચાલુ રહેતા ૧૦૦૦૦ લોકોએ રસી લીધી હતી જેમાં સૌથી વધુ ડોઝ અમીન માર્ગ સ્થિત વેક્સિન સેન્ટર પર અપાયા હતા. આ સાથે રાજકોટમાં પ્રથમ ડોઝ લેનારા લોકોની સંખ્યા ૯૨ ટકાને પણ આંબી ગઈ છે.

રાજકોટ શહેરને ૧૮ વર્ષ કરતા વધુના વયના ૧૦.૯૩ લાખ લોકોને રસી આપવાનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. આ પૈકી ૧૦ લાખ કરતા વધુ લોકોએ પહેલો ડોઝ લઈ લીધો છે. જ્યારે બીજો ડોઝ લેનારની સંખ્યા ૪.૩૨ લાખ થતા બંને ડોઝ લઈને કોરોનાથી પૂર્ણ સુરક્ષા કવચ મેળવ્યું હોય તેવા શહેરીજનોનું પ્રમાણ ૩૯.૫ ટકા થયું છે. જેમ જેમ દિવસો વધતા જાય છે તેમ તેમ આ આંક પણ વધતો જાય છે અને આ માસના અંત સુધીમાં ૬૦ ટકા સુધી પહોંચી જાય તેવી શક્યતા છે.

બીજી તરફ રાજકોટ શહેર હાલ વેક્સિનેશનમાં રાજ્યમાં બીજા ક્રમે પહોંચી ગયું છે. ૧૦૦ ટકા વેક્સિનેશન તરફ આગળ વધવા માટે ૮૬૦૦૦ને રસીનો પહેલો ડોઝ આપવાનો લક્ષ્યાંક છે. જેટલા ડોઝ ઉપલબ્ધ હોય છે તેમાંથી પ્રથમ ડોઝ લેનારની સંખ્યા ૩૫થી ૪૦ ટકા થઈ રહી છે તે જોતા ૮૬૦૦૦નો આંક કરવામાં હજુ દોઢ મહિનો થઈ શકે છે અને ત્યાં સુધીમાં બીજો ડોઝ લેવાનો હોય તે સંખ્યા પણ વધી જતા હર્ડ ઈમ્યુનિટીની સ્થિતિ સર્જાશે.

આ જ ગતિએ વેક્સિનેશન આગળ વધતું રહ્યું તો રાજકોટ શહેરમાં કોરોનાની ત્રીજી લહેરની શક્યતા નહિવત થઈ જશે. રાજકોટ જિલ્લામાં પ્રથમ ડોઝ લેનારની સંખ્યા ૯,૨૦,૨૦૫ અને બીજો ડોઝ લેનારની સંખ્યા ૨,૭૫,૮૩૮ પર પહોંચી છે. રવિવારે જિલ્લામાં ૯૫૦૭ લોકોને વેક્સિન અપાઈ હતી.

## મોડાસાના ગઢડા પાસે ટ્રેલર અને ટ્રક વચ્ચે અકસ્માત, ટ્રેલર ચાલકનું મોત અને કંડકટર ભડથું થયો






PACKAGINGHUB | Hitesh Kakadia | 93777 75636

પ્રોડકટ आपका, सजावट हमारी ।

6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003

www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

# ધો.૧ થી ૫ના વર્ગો શરૂ કરવા વિચારણા કોરકમિટીમાં ચર્ચા બાદ નિર્ણય લેવાશેઃ ભુપેન્દ્રસિંહ



(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૬

માધ્યમીક શાળા અને કોલેજોના ઓફલાઇન વર્ગો શરૂ કરી દેવાયા છે. ગુજરાતમાં કોરોનાની પરિસ્થિતિ કાબુમાં આવી ગઇ છે એ જોતા આગામી દિવસોમાં ધો.૧ થી ૫નાં વર્ગો પણ શરૂ કરવામાં આવી શકે છે.

શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે આ વાતનો સંકેત આપતા જણાવ્યું હતું કે, કેબિનેટની કોરકમિટીની બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. આરોગ્ય નિષ્ણાંતો સાથે પણ મસલતો કરીને માર્ગદર્શન મેળવવામાં આવશે. ત્યારબાદ ધો.૧ થી ૫નાં વર્ગો શરૂ કરવા અંગે રાજ્ય સરકાર સત્તાવાર નિર્ણય જાહેર કરશે.(૨.૧૧)


Dt.06-09-2021 8 સોમવાર

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક


# શહેર ભાજપ યુવા પ્રમુખનું કોકડું ગૂંચવાયું



શહેર ભાજપ યુવા પ્રમુખ પદે પૃથ્વીસિંહ વાળા અને મહામંત્રી પદે હિરેન રાવલની નિમણૂંક કરાઇ હતી.

## શિક્ષણ સમિતિમાં થયેલી નિમણુંકની જેમ શહેર ભાજપ યુવા પ્રમુખ- મહામંત્રીની નિમણુંક ન થાય તે જોજો પાટીલ સાહેબ...



રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં કોંગ્રેસમાંથી આવેલા શરદભાઈ તલસાણીયાની નિમણુંકને સામાકાંઠે વોર્ડનં. ૧૫ નાં ભાજપનાં આગેવાન હસુભાઈ બોરીચાએ નારાજગી વ્યક્ત કરી હતી. શિક્ષણ સમિતિમાં થયેલી નિમણુંકની જેમ શહેર ભાજપ યુવા પ્રમુખ, મહામંત્રી સહિતનાં હોદ્દેદારોની નિમણુંક ન થાય જો જો પાટીલ સાહેબ તેવી રજૂઆત કરી હોવાનું જાણવા મળ્યું છે.(૧.૧૨)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની રાજકીય પક્ષોએ તૈયારીઓ આદરી દીધી છે. યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપનો ભવ્ય વિજય થયો હતો. એક જ પરિવારમાં એક વ્યક્તિને હોદ્દો અને ૩૫ કે તેથી વધુ ઉમરનાં કાર્યકર્તાને યુવા પ્રમુખ મહામંત્રીની જવાબદારી નહીં સોંપવાના લેવાયા નિર્ણય બાદ રાજકોટ શહેર સહિત અન્ય શહેરોમાં થયેલી નિમણુંક રદ કરવામાં આવી હતી. આજદિન સુધી યુવા ભાજપ પ્રમુખ-મહામંત્રીની નિમણુંક કરવામાં આવી નથી. શહેર ભાજપમાંથી પ્રમુખ અને મહામંત્રીનું સિંગલ નામ પ્રદેશમાં મોકલાવેલ. પ્રદેશમાંથી સિંગલ નામ નહીં ૩-૩ નામની પેનલ બનાવીને મોકલાવવાનો આદેશ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. શહેર ભાજપનાં માનીતા ચહેરાઓને સ્થાન આપવા હજી સુધી નિમણુંક નહીં કરાઈ હોવાની ચર્ચાઓ થઇ રહી છે.

પ્રદેશ ભાજપ પ્રમુખ પ્રશાંત કોરાટ રાજકોટ પધારેલ ત્યારે તેઓએ કહ્યું હતું કે, શહેર ભાજપ યુવા પ્રમુખ મહામંત્રીની નિમણુંક થઇ જશે. એક મહિના જેટલો સમય વીતી ગયેલ છતાં હજી સુધી નિમણુંક થઇ નથી.

જાણવા મળતી વિગત મુજબ શહેર ભાજપ યુવા પ્રમુખ મહામંત્રીની નિમણુંકને લઈને નેતાઓનાં નહીં પાર્ટીનાં વફાદારની નિમણુંક કરવા ભાજપ પ્રમુખ સી.આર.પાટીલને રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. શહેર ભાજપમાં મહત્વનાં સ્થાન પર કોળી સમાજમાંથી નિમણુંક કરવા શહેર ભાજપનાં નેતાઓ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. એવું ચર્ચાઈ રહ્યું છે કે, શહેર ભાજપ યુવા પ્રમુખ પદે કોળી સમાજમાંથી સ્થાન અપાશે કે કેમ? કેટલાક શહેર ભાજપનાં નેતાઓ અને ચૂંટાયેલા કોર્પોરેટરો કાર્યકર્તાઓની રજૂઆત નહીં સાંભળી પોતાનું ધાર્યું કરતા હોવાની પ્રદેશ પ્રમુખ પાટીલને પત્ર પાઠવી રજૂઆત કરી હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

શહેર ભાજપ યુવા પ્રમુખ પદે પૃથ્વીસિંહ વાળા અને મહામંત્રી પદે હિરેન રાવલની નિમણૂંક કરાઇ હતી. ૩૫ કે તેથી વધુ વય મર્યાદા નક્કી થતા બન્નેની નિમણૂંક રદ કરવામાં આવી હતી.(૧.૧૨)

## એક જ પરિવારમાં બે હોદ્દા...!

ગત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં એક જ પરિવારમાં એક હોદ્દાની જાહેરાત કરાઈ હતી. એક જ પરિવારમાં બે વ્યક્તિ જુદા-જુદા હોદ્દા ધરાવે છે. શહેર ભાજપ પ્રમુખ કમલેશ મીરાણી અજાણ છે?? સહિતની રજૂઆત પદેશ ભાજપ પ્રમુખ પાટીલને કરાઈ હોવાનું જાણવા મળ્યું છે.(૧.૧૨)

# શિક્ષક દિન નિમિત્તે કલ્યાણનિધિમાં ફાળો આપતા મુખ્યમંત્રી રૂપાણી



ગાંધીનગરઃ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શિક્ષક દિવસ અવસર પર શિક્ષક કલ્યાણ નિધિમાં પોતાનો ફાળો આપીને ગુરૂજનો પ્રત્યેનું ઋણ અદા કર્યુ હતું. મુખ્યમંત્રીએ એમના નિવાસ સ્થાને ગાંધીનગર ખાતે શાળાનાં બાળકોને પોતાનો વ્યકિતગત ફાળો અર્પણ કર્યો હતો એમણે બાળકો સાથે સહજ સંવાદ કર્યો હતો.(૨.૧૧)

# રાજકોટ જિલ્લામાં વેક્સિનેશનની ગતિ વધી, ગ્રામ્ય વિસ્તારોમાં ૭૮%ને પ્રથમ ડોઝ

## સૌથી ધીમે જયાં રસીકરણની શરૂઆત થઈ એ વિંછીયા તાલુકામાં ૬૫% રસીકરણ પુરૂઃ જિલ્લાની રસીકરણની કામગીરી વિગતો આપતા જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી



રાજકોટ, તા.૬

રાજકોટ જિલ્લામાં વેક્સિનેશનની કામગીરી પુરપાટ વેગ સાથે આગળ ધપી રહી છે. અત્યાર સુધી જે વિસ્તારોમાં ઓછું રસીકરણ થયું હતું ત્યાં પણ કામગીરી વેગ પકડી રહી છે. જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં ૭૮% લોકોને પ્રથમ ડોઝ અપાઇ ગયો છે અને ૯૭ જેટલા ગામડાઓમાં ૧૦૦% રસીકરણ સંપન્ન કરી શકાયું છે તેવું આજે રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીએ જણાવ્યું હતું.

પત્રકારોને આપેલી માહિતીમાં જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે, સૌથી વધુ લોધીકા તાલુકામાં ૯૫% વેક્સિનેશન થઇ ગયું છે. ત્યારે સૌથી ઓછું વિંછીયા તાલુકામાં ૬૫% જેટલું વેક્સિનેશન થયું છે. જો કે વિંછીયા તાલુકામાં છેલ્લા બે મહિના દરમ્યાન રસીકરણની કામગીરી નોંધપાત્ર પ્રમાણમાં વધારો જોવા મળ્યો છે જે સરકારી તંત્રની મહેનતનું પરીણામ છે.

ડીડીઓ ચૌધરીએ ઉર્મેયું હતું કે, વિંછીયામાં બે મહિના પહેલા સુધી માત્ર ૨૫% વેક્સિનેશન થયું હતું. ત્યાં ગામડાઓમાં લોકો રસીકરણના મામલે નિરસ જણાયા હતા. આથી જિલ્લા તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય ટુકડીઓ મોકલવામાં આવી હતી. ઘરે-ઘરે જઇને લોકોને સમજાવવામાં આવ્યા હતા. ગ્રામ સભાઓ શરૂ કરવામાં આવી હતી જેની નોંધપાત્ર અસર થવા પામી છે. એટલે હવે વિંછીયા તાલુકામાં વેક્સિનેશનની ટકાવારી વધીને ૬૫ ટકા સુધી પહોંચી ગઇ છે જે જિલ્લાના વહીવટી અને આરોગ્ય તંત્રના અધિકારીઓની મહેનતનું પરીણામ છે.

તેમણે માહિતી આપી હતી કે, જિલ્લામાં ૧૨ લાખ ૧૦ હજાર જેટલા નાગરીકોને વેક્સિનના બન્ને ડોઝ અપાઇ ગયા છે. ૯ લાખ ૨૬ હજાર લોકોએ એક ડોઝ મેળવ્યો છે. ૯૭ જેટલા ગામડાઓમાં ૧૦૦% વેક્સિનેશન થઇ ગયું છે. સૌથી વધુ જેતપુર તાલુકાના ૨૪ ગામડાઓમાં વેક્સિનેશન થયું છે. જામકંડોરણા, રાજકોટ રૂરલ અને લોધીકા પંથકના ઘણા બધા ગામોમાં વેક્સિનનું ૧૦૦% લક્ષ્યાંક સિધ્ધ કરી લેવામાં આવ્યું છે. ૪૬૩ જેટલા ગામડાઓમાં ૭૫%થી વધુ રસીકરણ સંપન્ન થઇ ગયું છે.

વિંછીયા તાલુકાનો ઉલ્લેખ કરતા ડીડીઓ ચૌધરીએ જણાવ્યું હતું કે, અંધશ્રધ્ધા જેવા અનેક કારણોસર વિંછીયા તાલુકામાં પ્રારંભથી વેક્સિનેશનનું પ્રમાણ ઓછુ રહયું હતું એ પછી તાલુકાના ગામડાઓમાં ફરીને આરોગ્ય કર્મીઓએ ગ્રામ લોકોને સમજાવવાનું શરૂ કર્યુ હતું. કોરોનાથી બચવું હોય તો વેક્સિન એ શ્રેષ્ઠ ઉપાય છે એવું લોકોને સમજાવવામાં આવ્યું હતું. જેના કારણે લોકોમાં જાગૃતિ આવી છે અને આ તાલુકામાં પણ વેક્સિનેશનની ગતી નોંધપાત્ર રીતે વધી ગઇ છે. અત્યારે ૬૫% તાલુકાનું વેક્સિનેશન કરી લેવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, જો કોરોનાની ત્રીજી લહેર આવે તો વેક્સિનેશન એ જ સૌથી મોટુ હથીયાર છે.(૨.૧૧)

# ગુજરાતના મેચ સટ્ટાખોરીનું નેટવર્ક દુબઈ ખસેડાતા પોલીસ અવાચક

## આધુનિક અને વૈભવી વિલા ભાડે રાખીને નવી મોબાઈલ એપથી રમાતો સટ્ટોઃ દુબઈ બેસીને બે રોકટોક અબજો રૂપિયાનો કારોબાર થઈ રહ્યાનો પર્દાફાશઃ પોલીસ અને લુખ્ખાઓના હપ્તાથી બચવા માટે નવી તરકીબ શોધી કાઢતા બુકીઓ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ગુજરાત પોલીસની ભીંસથી બચવા માટે અને લુખ્ખાઓને હફ્તા આપવાથી બચવા માટે ગુજરાત સહિતનાં દેશના ટોચના બુકીઓ હવે દુબઈ બેસીને બે રોકટોક અને બેફામ મેચની સટ્ટાખોરી કરી રહ્યા હોવાની ચોકાવનારી હકીકતોનો ધડાકો થયો છે. દુબઈના ખૂબ જ આલીશાન અને વૈભવી વિલા કરોડોના ખર્ચે ભાડે રાખીને ખૂબ જ ગુપચુપ રીતે પધ્ધતિસર સટ્ટાખોરીનું વ્યાપક નેટવર્ક ઉભું કરવામાં આવ્યું હોવાનું જાણકાર સુત્રો કરી રહ્યા છે. આ હકીકતો બહાર આવતા પોલીસ પણ અવાક થઇ ગઈ છે. કહેવાય છે કે દુબઈમાં વર્ષે દહાડે રૂપિયા અઢીથી પાંચ કરોડનું જંગી ભાડું ચૂકવીને નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું છે. દુબઈ પોલીસને પણ ગંધ આવે તેમ નથી.

માહિતગાર સુત્રોએ જણાવ્યા મુજબ ગુજરાતના મોટાભાગના ક્રિકેટ, શેરબજાર અને એમ.સી.એક્સના મોટા ગજાના બુકીઓએ આખું નેટવર્ક દુબઈ ખસેડી લીધું છે અને આલીશાન વિલામાં બેસીને બુકી ઓપરેટ કરી રહ્યા છે. એટલા ગુજરાતમાં ઓનલાઈન સટ્ટાનો કારોબાર રોજનો રૂ. ૧૦૦ કરોડથી પણ વધુ છે. આ માટે જરૂરિયાત મંદ અને ગરીબ લોકોના નામે ખાનગી બેંકોમાં ખાતા ખોલાવવામાં આવે છે. એ ખાતાઓમાંથી દરરોજ કરોડો રૂપિયા આર.ટી.જી.એસ કરાવીને આંગણીયા મારફતે હવાલા પડાવી રોકડી કરી લેવામાં આવતી હોય છે. બુકીઓ એજન્ટો મારફત ભાડે લેવાતા બેંક ખાતા ધારકને માસિક રૂ.૧૫ હજાર આપે છે. ૪૫ દિવસ માટે

(અનુ.પાના નં.૪ ઉપર)

## ડેન્ગ્યુ, ચિકનગુનિયા સહિતના કેસોમાં વધારો

# રાજકોટમાં રોગચાળાના આંકડા જાહેર કરવા માંગ

## મ્યુ.કમિશનરને રજૂઆત કરતા વિપક્ષી નેતા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

શહેરમાં ડેન્ગ્યું, ચિકનગુનિયા, ,મેલેરિયા, તાવ, શરદી-ઉધરસ, ઝાડા-ઉલ્ટી સહિતના અનેક સીઝનલ રોગચાળો વકરી રહ્યો છે ત્યારે મહાનગરપાલિકાના તંત્ર દ્વારા આ તમામ રોગચાળા પ્રત્યે ગંભીરતાપૂર્વક પગલા લેવામાં આવે અને વકરતા રોગચાળાના ઉપચાર માટે વિનામૂલ્યે દવાનું વિતરણ કરવામાં આવે તેમજ ફોગીંગ, મેલેથીયોન દવાનો છંટકાવ, મચ્છરનો ઉપદ્રવ ન થાય તે માટે ઘરે-ઘરે જઈ ટાંકામાં દવા નાખવી મચ્છરના ઉત્પતીસ્થાનોમાં દવા છંટકાવ કરાવવા સહિતના પગલા લેવા મનપાના વિપક્ષી નેતા ભાનુબેન સોરાણીએ મ્યુ.કમિશનરને રજૂઆત કરી છે.

ભાનુબેન સોરાણીએ વધુમાં જણાવ્યું હતું કે શહેરમાં મેલેરિયા, ડેન્ગ્યું, ચિકનગુનિયા, ઝાડા-ઉલ્ટી, તાવ-શરદી-ઉધરસ, સહિતના દર્દીઓની સંખ્યા દર સપ્તાહે અગાઉ જાણ કરવામાં આવતી હતી જે વર્ષ ૨૦૧૯-ડીસેમ્બરથી બંધ હોઈ હાલ રોગચાળો દિવસેને દિવસે વકરી રહ્યો છે ત્યારે લોકોના જનહિતાર્થે રોગચાળાના આંકડાઓ પહેલાની જેમ જાહેર કરવામાં આવે તેમજ પી-ફ્ફોર્મ અને એલ-ફોર્મની વિગતો કોર્પોરેશનની વેબસાઈટ ઉપર દર્શાવવામાં આવે તેવી અમો રાજકોટ શહેરના નગરજનો વતી ભાનુબેન સોરાણીએ માંગ કરી છે.(૧.૧૧)

# શ્રાવણનો છેલ્લો સોમવારઃ સોમવતી અમાસના પિતૃ તર્પણનો યોગ



(તસવીરઃ દિલીપ ગોહેલ)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટઃ ભગવાન શિવજીનો પ્રિય માસ શ્રાવણનું આજે સમાપન છે. યોગાનુ યોગ આજે શ્રાવણનો છેલ્લો સોમવાર તથા સોમવતી અમાસ પણ છે. ગત શનિવારથી આરાવારાની વિધિ શરૂ થઈ છે આજે પણ સદ્ગત મહિલાઓની તર્પણવિધિ ચાલી રહી છે. આજે પીપળે પાણી રેડીને પિતૃ તર્પણ કરવામાં આવી રહ્યું છે.આવતીકાલથી ભાદરવો માસ શરૂ થઈ રહ્યો છે. ભાદરવામાં પણ રોજ રોજ અલગ અલગ રીતે પિતૃ તર્પણ કરવામાં આવે છે. આજે શ્રાવણ માસનાં અંતિમ સોમવારે દરેક શિવાલયોમાં ભાવિકોની ભીડ જોવા મળી રહી છે. સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં શ્રાવણના અંતિમ સોમવારે શિવનાદ ગુંજી ઉઠયો છે. રાજકોટના રામનાથ મહાદેવ મંદિરની આજી નદીના પટમાં આવેલું આ શિવાલય ૪૦૦ વર્ષથી વધારે પ્રાચીન છે. બીજી તસ્વીરમાં લોકો ક્તાર બધ્ધ ઉભેલા જોવા મળે છે. ઉપરોકત તસ્વીર મહાદેવ મંદિરની છે. મંદિરમાં આજે પીપળે પાણી રેડતા લોકો જોવા મળે છે.


SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.